॥ રામકબીર સત્ય છે. ॥

# દુર્લભ ભજનસરિતા

* રચયિતા *

શ્રી દુર્લભભાઈ પરસોત્તમભાઈ ભક્ત
મુ. પો. ચ્યાદલા • તા. વાલોડ
વાયા : મઢી • જિ. સુરત

: પ્રકાશક :
શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ
બેગમપુરા • ખાંગડશેરી • સુરત

રામકબીર સત્ય છે.

# દુર્લભ ભજન સરિતા

: રચયિતા :

શ્રી દુર્લભભાઈ પરસોત્તમભાઈ ભક્ત

: પ્રકાશક :

શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ

ખાંગડ શેરી, બેગમપુરા, સુરત - ૩૯૫ ૦૦૩.

**દુર્લભ ભજન સરિતા** : રચયિતા :-
શ્રી દુર્લભભાઈ પરસોત્તમભાઈ ભક્ત
મુ. પો. સ્યાદલા, તા. વાલોડ, જિ. સુરત.


**પ્રત** : ૨૦૦૦

**પ્રકાશન વર્ષ** : ૧૯૯૬

**મૂલ્ય** : સમાજસેવા, સદ્‌ભાવ, સમભાવ, ભક્તિભાવ

**પ્રકાશક** : શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ,
બેગમપુરા, ખાંગડ શેરી, સુરત - ૩૯૫ ૦૦૩.

**મુદ્રક** : શ્રી નટુભાઈ ગોપાળજી પટેલ
રોનક પ્રિન્ટર્સ, સકીના ચેમ્બર્સ,
બારડોલી - ૩૯૪ ૬૦૧. ફોન નં. : ૨૧૦૮૫

**સંપાદકો** : શ્રી ડાહ્યાભાઈ સીતારામભાઈ ભક્ત (બારડોલી)
શ્રી ભરતભાઈ વિઠલભાઈ ભક્ત (ઘલુકા)



શ્રી સદ્ગુરુ કબીરસાહેબ



શ્રી દુર્લભભાઈ પરસોત્તમભાઈ ભકત



સ્વ. શાંતાબેન દુર્લભભાઈ ભકત



ધીરજભાઈ અને પ્રેમીલાબેન



શ્રી યોગેશ્વરજી



પૂ. મા. સર્વેશ્વરી મહાત્માશ્રી યોગેશ્વરજીના સ્વરૂપ સાથે

ૐ યોગેશ્વરાય નમઃ
ૐ મા સર્વેશ્વરાય નમઃ

## પત્ર નં. - ૧

Sep. 14 1991
U.S.A.

સંત પેઢીના,
ભજનાનંદી,
શ્રી દુર્લભભાઈ (માસ્તર)

તમારા બધા પત્રો, બધાં ભજનો મળે છે. અમે તે વાંચીએ છીએ, કેનેડાના સત્સંગ મંડળમાં તે ગવાય પણ છે.

તે કૃતિ અધ્યાત્મના તંત્રી સ્વતંત્ર છે. એમને યોગ્ય લાગે તો લે છે. આપણું (ભજન લેખનનું) કાર્ય પ્રભુની પ્રસન્નતા માટે જ છે. તે યાદ રહે !

તમે તન-મનથી પ્રભુ સ્મરણમાં રત રહો એવી પ્રાર્થના.

મા, સર્વેશ્વરી

વરદ હસ્ત, પ્રભુ તમારો,
સદાય રહેજો, જીવન સહારો.

## પત્ર નં. - ૨

સંત પેઢીના,
ભજનાનંદી,
શ્રી દુર્લભભાઈ

તમારો બીજો પત્ર મળ્યો.

"વડલો" ભજન મળ્યું.

વડલાની છાયા પાત્ર બનીને લેવાય તો તે સર્વ પ્રકારે શાંતિ ધરનારી બને.

તમારી કલમ પ્રભુ સમીપે પહોંચો.
તમારું ભજન પ્રભુ સાંભળે.
તમારી બધી જ પ્રવૃત્તિ પ્રભુને ગમે એવી બનો.
તમારું જીવન,
કવન જેવું સુંદર, મધુર બની જાઓ
તમારું શીર, મન, પ્રભુ સ્વસ્થ રાખે.
હવે ૯ ઓક્ટો. થી અમે L.A. હોઈશું. રીટા મળશે.

મા, સર્વેશ્વરી

વરદ હસ્ત, પ્રભુ તમારો,
સદાય રહેજો, જીવન સહારો.

## પત્ર નં. - 3

સંત પેઢીના,
ભજનાનંદી,
શ્રી દુર્લભજી

તમારાં કાવ્યો નિયમિત મળે છે.

'બંધન જાશે' છેલ્લું મળ્યું.

તમારે ત્યાં અમે આવ્યાં ને તમે સ્વાગત ના કરી શક્યા પરંતુ સર્વોત્તમ સ્વાગત તો તમારી પ્રેમ ભક્તિ જ છે.

જે થયું તે ઉત્તમ થયું છે. ઘર જ તમારું સાધના સ્થળ છે નિયમિત બની પ્રભુ સ્મરણ કરી જીવન ધન્ય બને એ જ પ્રાર્થના છે.

તમારી અમારે માટેની સમજ વંદનીય છે. તમારી કલમ જનકલ્યાણાર્થે પણ ચાલુ રહે. કલમ પણ એક પ્રાર્થનાનું, સાધનાનું ઉત્તમ સાધન છે.

ઈલાબેન, ગુલાબબેન તમારા સમજુ ને પ્રભુ ઉપર શ્રધ્ધા ધરાવનાર સભાન બાળકો છે. બંન્ને તમારું નામ ઉજ્જવળ કરે એવા છે.

એકલવાયું તમારું જીવન તમે પ્રભુ સ્મરણથી ભર્યું ભર્યું કરી દીધું છે. એકાંત ને કાંત (પતિ)થી સજાવવામાં કર્યું છે. તમારા જીવનની સજાવટ પ્રભુ સ્મરણથી પૂર્ણ બનો.

મા, સર્વેશ્વરી

વરદ હસ્ત, પ્રભુ તમારો, સદાય રહેજો, જીવન સહારો.

## આવકાર

વિકસતા જતા વિજ્ઞાનની સાથે સાથે ભૌતિકવાદ તથા ભૌતિક સુખ સમૃધ્ધિનો વ્યાપ પણ વધતો રહ્યો છે તેવા સંજોગોમાં અધ્યાત્મ માર્ગે વળવું, ભક્તિમય રીતે સમય પસાર કરવો એ ઘટના કદાચ કલ્પનાતીત હોઈ શકે એ સ્વાભાવિક છે પરંતુ આ કલ્પનારોપિત ઘટના વાસ્તવિક પણ બની શકે એમ સિધ્ધ થઈ શકે છે. સ્યાદલાના બુઝુર્ગ વડીલ શ્રી દુર્લભભાઈ પરસોત્તમભાઈ ભક્ત એકલતા અને એકલવાયા સમયનો સદુપયોગ કરીને ભક્તિમાર્ગનું ચિંતન કરીને હૃદયમાં ઉછાળા મારતી ભાવસભર ઉર્મિઓને શબ્દદેહ આપીને ભક્તિગીતોની રચના કરી નિજાનંદનો લહાવો લૂંટે અને એ નિજાનંદની મસ્તીમાં ઝૂમી ઊઠીને સમસ્ત ભક્તસમાજને ચરણે પોતાના સ્વરચિત ભજનો તથા સમાજની પરંપારા અનુસાર ગવાતા ભજનોને મુદ્રિત સ્વરૂપે "દુર્લભ ભજન સરિતા" નામની નાનકડી પુસ્તિકા રૂપે અર્પણ કરે છે તે ખરેખર આજના સમૃધ્ધિવાદના યુગમાં સાચે જ આવકાર્ય અને પ્રસંશનીય ઘટના છે.

આ પુસ્તિકામાં તેઓ પૂ. યોગેશ્વરજી તથા પૂ. સર્વેશ્વરી માને આરાધીને તેમની ભાવવંદના કરે છે. પણ તેની સાથે સાથે સદ્ગુરુને પણ તેઓ ભૂલતા નથી. તેમના પદોમાં નરસિંહ, કબીરસાહેબ, સૂરદાસ, મીરાં વગેરે ભક્ત કવિઓના ઉપદેશની છાયા વર્તાય છે તો ક્યાંક ક્યાંક આ કવિઓના ઉપદેશ છીપલાંમાં મૌલિકતાનાં મોતીના દર્શન પણ આપણને થાય છે. અને એમાં જ કવિની ખરી ખૂબી અને ખુમારી જોવા મળે છે. જીવનની સંધ્યાએ પહોંચેલા આ જુવાન વૃધ્ધ દ્વારા હજીયે વધુ ને વધુ ભક્તિગીતો રચાતા રહે, પ્રકાશિત થતાં રહે

એ માટે સદ્ગુરુ કબીરસાહેબને પ્રાર્થના કરું છું.

શ્રી રામ કબીર ટ્રસ્ટ, સુરત દ્વારા યોજાતી વિવિધ પ્રવૃત્તિઓ અને અભિયાનોમાં શ્રી દુર્લભભાઈ ભક્ત પણ તન-મન-ધનથી સહયોગી બની રહ્યા છે એ બદલ ટ્રસ્ટ વતી અભિનંદન પાઠવી આભારની લાગણી અભિવ્યક્ત કરું છું. આ પુસ્તિકાના પ્રકાશન કાર્ય માટે સતત પ્રયત્નશીલ એવા મારા ટ્રસ્ટી મિત્ર અને કબીરવાણીના કન્વિનર શ્રી ડાહ્યાભાઈ સીતારામભાઈ ભક્ત (બારડોલી) તથા 'કબીરવાણી' ના તંત્રી શ્રી ભરતભાઈ વિઠ્ઠલભાઈ ભક્ત (ઘલુડા) ખૂબ જ કામમાં વ્યસ્ત હોવા છતાં સમય કાઢીને જે જહેમત ઉઠાવી છે તે સાચે જ પ્રસંશનીય છે.

આ પુસ્તિકમાં શબ્દદેહ પામેલાં પદો હરહંમેશ ભજનિકોના મુખે ગવાતા રહે, પ્રસરતા રહે એવી અભિલાષા સહ આ યાત્રામાં જોડાયેલા સૌને અભિનંદન પાઠવું છું.

પુસ્તિકાનાં સુંદર અને આકર્ષક મુદ્રણકાર્ય માટે શ્રી નટુભાઈ પટેલ (રોનક પ્રિન્ટર્સ, બારડોલી) નો આભાર માનું તો કદાચ એમને ન ગમે, અને ન માનું તો મને ન ગમે. અને મને જે ન ગમે તે મારે ન કરવું જોઈએ. અને તેથી એમનો પણ આભાર વ્યક્ત કર્યા વિના રહી શકતો નથી.

સૌને રામકબીર.

લિ. કરસનભાઈ લલ્લુભાઈ ભક્ત

પ્રમુખ / ટ્રસ્ટી

શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ, સુરત.

## શાન્તાબહેની જીવન ઝરમર

**જન્મ - તા. ૧૯-૧૧-૧૯૧૮ ● અવસાન - તા. ૪-૮-૧૯૮૩**

૭ વર્ષની નાની ઉંમરે મહાત્મા ગાંધીજી સમક્ષ વ્યસનોથી મુક્ત રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી અને તેનું પાલન જીવનનાં અંત સુધી કર્યું હતું.

રાષ્ટ્રીય શાળામાં શિક્ષણ લીધું. ૧૯૩૦ માં સાતમા ધોરણની પરીક્ષામાં પહેલો નંબર મેળવી સરદાર પટેલના હાથે ઈનામ મેળવ્યું.

અમારા ગામના મોરારકાકા સેવાભાવી અને એક આગેવાન કાર્યકર્તા હતા. દેશ નેતાઓ જોડે તેમને સારો પરિચય હતો, જેથી ગાંધીજી, કસ્તુરબા, સરદાર વલ્લભભાઈ, વિઠ્ઠલભાઈ, રાજગોપાલાચારી, ભુલાભાઈ એડવોકેટ, મોરારજી દેસાઈ, જયપ્રકાશ નારાયણ, સરોજિની નાયડુ જેવાં ઘણાં દેશ નેતાઓની તેમજ કાર્યકર્તાઓની મોરારભાઈને ત્યાં અવરજવર રહેતી. તેવા પ્રસંગોએ શાંતાબેન તેઓની સરભરામાં મદદ કરતાં. આવી સેવાની ઘણી તકો મળી હતી.

૧૯૩૨ માં અમારાં લગ્ન થયેલાં ત્યારબાદ ૧૯૩૮ માં કોંગ્રેસનું અધિવેશન હરિપુરા પાસે વિઠ્ઠલનગરમાં સુભાષચંદ્ર બોઝના પ્રમુખ પદે મળ્યું તે વખતે શાંતાબહેને સ્વયંસેવિકા તરીકે મહાત્મા ગાંધીજીની કુટિર પર રહ્યાં હતાં.

બાળકોને ભણાવવા માટે વતન છોડી ૧૯૪૮ થી ૧૯૫૧ સુધી બારડોલીમાં ઘર ગોઠવ્યું. અમારાં દીકરા-દીકરી ધીરજભાઈ, ગુલાબબહેન, ઈલાબહેન અને અમારાં સ્વજનોનાં બાળકોને ગોદમાં રાખી ગૃહમાતાનો ધર્મ બજાવ્યો. ૧૯૫૩ માં શીતળા-બળિયાની માંદગીમાં સપડાયા પરંતુ ઈશ્વર કૃપાથી બચી ગયાં. ૧૯૬૨-૬૩ માં પગે ફ્રેકચર થયું. આ ફ્રેકચરનો મને બેવડો ઘા હતો. તે વેળાની એમની

સેવા, સલાહ-સૂચનો અને ઉપદેશના એક-એક શબ્દ મને યાદ આવે છે.

૧૯૬૬-૬૭ માં સ્પેશિયલ ટ્રેન દ્વારા ભારતની ચારધામની યાત્રા કરી દોઢ માસનું દેશાટન કરી ચાર ધામોનાં દર્શન કર્યાં. યાત્રા દરમ્યાન નિયમ લીધો રોજ બે પાના રામ-રામ લખવું જે નિયમ ૧૯૮૦ સુધી ચાલુ રાખ્યો. સદ્‌ગુરુ યોગેશ્વરનું શરણું સ્વીકારી મંત્ર દીક્ષા લીધી ત્યારથી ગીતાનું વાચન નિયમિત કરતા.

૧૯૮૧-૮૨ માં અમે અમેરિકાના પ્રવાસે ગયા ત્યાંથી પનામા પણ અમારી મોટી દીકરી ગુલાબબહેન રહે છે ત્યાં રહી અવારનવાર મહિલા મંડળનાં ભજનોમાં જતાં અને ભજનો ગવડાવતાં. અમેરિકામાં ઘણું ફર્યાં. સૌ સગાં-સ્નેહીને મળ્યાં, ભક્ત સમાજના સંમેલનોમાં પણ ભાગ લીધો. અમેરિકાની અષ્ટમીનો લાભ લીધો. લોસ એન્જલસમાં હરે કૃષ્ણ હરે રામના મંદિરમાં સત્સંગ તેમજ દર્શનાર્થે પણ વારંવાર જતાં હતાં. અમેરિકાનો પ્રવાસ અતિ સુખકારી રહ્યો.

અમેરિકાથી આવ્યા પછી વડોદરા માને યોગેશ્વરજીની ધ્યાન શિબિરમાં પણ એક અઠવાડિયું રહી આવ્યાં. ૧૯૮૩ જાન્યુઆરીની ૨૨ તારીખથી ૩૦ તારીખ સુધી મૌન મંદિરમાં સુરત-જહાંગીરપરાના મંદિરમાં પણ બેઠાં હતાં.

તેઓ અગિયારસનો ઉપવાસ પહેલેથી જ કરતાં હતાં. અગિયારસ એવી રીતે કરતા કે દસમ અને બારસના દિવસે એટલેકે અગિયારસના આગલે દિવસે અને પાછલા દિવસે એક ટાણું ભોજન લેતા અને વચ્ચે અગિયારસનો પૂરો અપવાસ કરતા.

એમનું જીવન આપણા સો માટે પ્રેરક બની રહો. પ્રભુ અમારી પ્રાર્થના છે કે સદ્‌ગત શાંતાબહેનના આત્માને પરમ શાંતિ આપે !!!

**હરિ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

# ગુણ પૂજકો

અમારા જીવન ઘડતરમાં પાયાનું સિંચન કરનાર હે દિવંગત જનની ! આપના ચરણ કમળમાં કોટિ કોટિ વંદન.

મમતા, સ્નેહ, પ્રેમ, વાત્સલ્ય, સેવાની મૂર્તિ સમી જનનીનું સર્જન કર્યું પ્રભુ તમે ! આ જનની સ્વરૂપે અમને પરમાત્માની દિવ્ય અનુભૂતિની ઝાંખી કરાવતા રહ્યા.

આપના તરફથી અમૂલ્ય ગુણો, સંસ્કાર, સમર્પણ, સેવા તેમજ સહનશીલતા વગેરે ગુણો અમને જીવનપથ પર ડગલે ને પગલે સદાય ઉપયોગી નીવડશે.

આપે કંટક સહી ફૂલોની સેજ બક્ષી એ માટે આપને શ્રધ્ધાંજલિ આપવા શબ્દો પણ જડતાં નથી. પ્રભુ આપના આત્માને ચિર શાંતિ બક્ષો એવી પ્રાર્થના.

**લિ. આપના ગુણપૂજકો**

ધીરજભાઈ દુર્લભભાઈ ભક્ત (અમેરિકા) વસંતલાલ પરભુભાઈ ભક્ત (પનામા)
પ્રેમીલાબેન ધીરજભાઈ ભક્ત (અમેરિકા) દિવ્યેશકુમાર વસંતલાલ ભક્ત (પનામા)
રંજનબેન પ્રતાપભાઈ ભક્ત (અમેરિકા) ઈલાબેન બચુભાઈ ભક્ત (કપુરા)
હિતેન્દ્રકુમાર ધીરજભાઈ ભક્ત (અમેરિકા) બચુભાઈ ગોરધનભાઈ ભક્ત (કપુરા)
પ્રતાપભાઈ ગોવિંદજી ભક્ત (અમેરિકા) મનોજકુમાર બચુભાઈ ભક્ત (કપુરા)
સપનાબેન પ્રતાપભાઈ ભક્ત (અમેરિકા) રીટાબેન મનોજભાઈ ભક્ત (કપુરા)
બિંદીયાબેન પ્રતાપભાઈ ભક્ત (અમેરિકા) દર્શકકુમાર બચુભાઈ ભક્ત (કપુરા)
ગુલાબબેન વસંતલાલ ભક્ત (પનામા) રીટાબેન હિતેન્દ્રભાઈ ભક્ત (અમેરિકા)
હિતેન્દ્રભાઈ છોટુભાઈ ભક્ત (અમેરિકા)

## શ્રી દુર્લભભાઈનું જીવન કથન

મારો જન્મ તા. ૧૯-૧૧-૧૨ ના દિવસે સ્યાદલામાં થયો હતો. મારા પિતાનું નામ પરસોત્તમભાઈ ભુલાભાઈ ભક્ત અને માતુશ્રીનું નામ ફૂલીબેન. અમો ચાર ભાઈબેન હતાં. મારા મોટાભાઈનું નામ નરસિંહભાઈ, બહેનનાં નામ લક્ષ્મીબેન અને રેવાબેન. મોટાભાઈ અને મોટીબહેન ગુજરી ગયાં હતાં. હયાતમાં હું અને મારી નાની બહેન રહ્યાં છીએ.

મારા પિતાશ્રી પોલિસ પટેલની નોકરી કરતા હતા. ૧૯૨૮ માં નાકરની લડતમાં સરદાર પટેલના આદેશ અનુસાર નોકરીનું રાજીનામુ આપી દીધું હતું. લડતમાં ખેડૂતોની જીત થઈ. સૌ ખેડૂતોને મહેસૂલ ભરવાનો સરદારે આદેશ આપ્યો. પરંતુ અમારા સ્યાદલા ગામના ખેડૂતોએ મહેસૂલ ન ભર્યું. કલેક્ટર આવ્યા, તેમની સમક્ષ ખેડૂતોએ કહ્યું કે અમારા ગામના પોલિસ પટેલને નોકરી પર ચઢાવો તો અમો મહેસૂલ ભરવા તૈયાર છીએ. કલેક્ટરે તરત જ મારા પિતાશ્રીને બોલાવી નોકરી પર ચઢાવી દીધા. તરત જ લોકોએ મહેસૂલ ભરી દીધું. આવું હતું ત્યારનું સંઘબળ અને નૈતિક હિમ્મત !!!

ટૂંકી જમીન હોવાને કારણે ૧૯૩૨ માં મેં પ્રાથમિક શાળાની નોકરી સ્વીકારી. માસિક પગાર તે વખતે રૂ. ૧૫ હતો.

૧૯૩૩ માં ગુજરાત વ્યાયામ મંડળ તરફથી અમારા જિલ્લાના લગભગ ૫૦ શિક્ષકોની તાલીમ શિબિર વલસાડમાં જવાનું થયું. ત્યાં એક મહિનાની તાલીમ પૂરી કરી તેમાં મારો ક્રમ પહેલો આવ્યો હતો. વ્યાયામ મંડળ તરફથી સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું.

૧૯૩૯ માં વધુ અભ્યાસ માટે સરકાર તરફથી અમદાવાદ પી. આર. ટ્રેનિંગ કૉલેજમાં મોકલવામાં આવ્યો. ત્યાંની પરીક્ષા પ્રથમ

કક્ષામાં પાસ કરી. મને એવોર્ડ આપવામાં આવ્યો.

૧૯૪૫ માં સરકાર તરફથી ખેતીવાડી કૉલેજ આણંદમાં તાલીમ લેવા માટે મોકલવામમાં આવ્યો ત્યાંની પરીક્ષા પસાર કરી સર્ટિફિકેટ મેળવ્યું.

મારી નોકરી સ્યાદલા ગામમાં જ હતી. મારી ઉચ્ચ અને તેજસ્વી કામગીરી બદલ સ્યાદલા ગામ તરફથી મારું બહુમાન કરી ગામના સરપંચ શ્રી રણછોડભાઈ ગોવિંદભાઈ ભક્તના શુભ હસ્તે મને સુવર્ણ-ચંદ્રક એનાયત કરવામાં આવ્યો.

નોકરી દરમ્યાન કાવ્યો લખી અમદાવાદથી નીકળતું શાળા પત્રમાં છપાવતો હતો. આમ ભજન અને કાવ્ય લખવાના પહેલેથી જ ગમતા હતા.

૧૯૭૦ માં શિક્ષકની નોકરીમાંથી નિવૃત્તિ પછી જીવનનું પરિવર્ત કરી ભક્તિ માર્ગ તરફ મારું જીવન વ્યતીત કરવા માંડ્યું. ૧૯૮૦ માં પૂ. શ્રી યોગેશ્વરજી પાસે મંત્ર દીક્ષા લીધી. અને આશીર્વાદ મેળવ્યા.

૧૯૮૧ માં મારા છોકરાએ અમેરિકા ફરવા માટે બોલાવ્યા. પ્રવાસમાં હું અને મારાં ધર્મપત્ની બંને ગયાં હતાં. થોડો વખત રોકાય પનામામાં પણ મારી છોકરી ગુલાબબેન અને જમાઈ વસંતલાલ પરભુભાઈ કપુરાવાળા રહે છે ત્યાં ગયાં હતાં. પૂ. સર્વેશ્વરી મા જયારે જયારે પનામા જાય છે ત્યારે ત્યારે તેમને ત્યાં જ ઊતરે છે. યોગેશ્વર અને સર્વેશ્વરી મામાં અપૂર્વ શ્રધ્ધા ધરાવે છે. ભક્તિમય જીવન ગુજારે છે. એક વર્ષ રોકાયા પછી દેશ આવ્યા.

૧૯૮૩ માં મારા ધર્મપત્નીનું અવસાન થયું હતું. તેના સ્મરણાર્થે "શાન્તિ બોધ" નામની પુસ્તિકા ભક્ત સમાજમાં વહેંચવામાં

આવી હતી. ફરી મારી ધર્મપત્નીની બારમી પુણ્યતિથિના સ્મરણાર્થે મારા સ્વરચિત ભજનોની તથા સમાજના પ્રસંગોપાત્ત ગવાતા ભજનો સાથે મળી દુર્લભ ભજનસરિતા ભક્ત સમાજમાં વહેંચવા શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ ખાંગડ શેરી, બેગમપુરા, સુરત, ભક્ત સમાજના પ્રમુખ/ટ્રસ્ટી શ્રી કરશનભાઈ ભક્ત, કબીરવાણીના કન્વિનર/ટ્રસ્ટી શ્રી ડાહ્યાભાઈ સી. ભક્ત તથા તંત્રી શ્રી ભરતભાઈ ભક્ત તથા બીજા ટ્રસ્ટી ભાઈઓ સાથ સહકાર આપી મારા કાર્યમાં મદદરૂપ થશો એની ભાવભીની અભિલાષા સહ મારા સૌને પ્રેમપૂર્વકના રામકબીર.

લિ.
દુર્લભભાઈ પરસોત્તમભાઈ ભક્તના
સપ્રેમ રામકબીર

## અનુક્રમણિકા


| ક્રમ | ભજન | પાન નંબર |
|---|---|---|
| ૧. | પત્ર નં. ૧ | 1 |
| ૨. | પત્ર નં. ૨ | 2 |
| ૩. | પત્ર ન. ૩ | 3 |
| ૪. | આવકાર | 4 |
| ૫. | સ્વ. શાંતાબહેનની જીવન ઝરમર | 6 |
| ૬. | ગુણ પૂજકો | 8 |
| ૭. | શ્રી દુર્લભભાઈનું જીવન કથન | 9 |
| | અનુક્રમણિકા | 12 |


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | મારો વારો | ૧ |
| ૨. | ઉન્નત જીવન | ૨ |
| ૩. | પોકાર | ૩ |
| ૪. | પ્રેમનો પ્યાલો | ૪ |
| ૫. | દિલડાની વાત | ૫ |
| ૬. | છૂપા સંદેશા | ૬ |
| ૭. | આંખડી ઠરી | ૭ |
| ૮. | માયા છોડાવો | ૮ |
| ૯. | રંગાય જાને રંગમાં | ૯ |
| ૧૦. | જરૂર જવાના | ૧૦ |
| ૧૧. | જમનું તેડું | ૧૧ |
| ૧૨. | પોકાર | ૧૨ |
| ૧૩. | પ્રભુનો સહારો | ૧૩ |
| ૧૪. | હું તરું 'ધૂન' | ૧૪ |

| | | |
|---|---|---|
| ૧૫. | સુકાન સંભાળો | ૧૫ |
| ૧૬. | કીર્તિધ્વજ | ૧૬ |
| ૧૭. | દિનચર્યા | ૧૭ |
| ૧૮. | તેનાં ભજન કરું | ૧૮ |
| ૧૯. | જીવન ખોયું | ૧૯ |
| ૨૦. | પતીજ તારી જાશે | ૨૦ |
| ૨૧. | ભૂદરને ભજીએ | ૨૧ |
| ૨૨. | કેમ તરીએ ? | ૨૨ |
| ૨૩. | પુરાણી પ્રીત | ૨૩ |
| ૨૪. | ઓરે યોગેશ્વર મા 'ધૂન' | ૨૪ |
| ૨૫. | એક લાકડે બળવાના | ૨૫ |
| ૨૬. | નહીં જડે | ૨૬ |
| ૨૭. | જતન કરજો | ૨૭ |
| ૨૮. | સર્વનું મંગલ કરે | ૨૮ |
| ૨૯. | મુક્તિનું બારું | ૨૯ |
| ૩૦. | સુકાની થાજો | ૩૦ |
| ૩૧. | લાગી નથી ચટકી | ૩૧ |
| ૩૨. | અમ્મર રાખડી | ૩૨ |
| ૩૩. | દેહની દીવાદાંડી | ૩૩ |
| ૩૪. | પ્રેમરસ પાજો | ૩૪ |
| ૩૫. | અંજલિ | ૩૫ |
| ૩૬. | મનડું મેલું | ૩૬ |
| ૩૭. | જીવન મારું ઝળકે | ૩૭ |
| ૩૮. | અંતરની આંખ | ૩૮ |
| ૩૯. | મોતની નોબત | ૩૯ |
| ૪૦. | સુકાની થાજો | ૪૦ |

| | | |
|---|---|---|
| ૪૧. | દેવીના સન્માન | ૪૧ |
| ૪૨. | મોંઘું જીવન | ૪૨ |
| ૪૩. | તાજ પહેરાવો | ૪૩ |
| ૪૪. | નવલું પ્રભાત | ૪૪ |
| ૪૫. | ગુર્જર માનું ગૌરવ | ૪૫ |
| ૪૬. | સ્વધર્મ | ૪૬ |
| ૪૭. | કોલ | ૪૭ |
| ૪૮. | સંત પેટીનું શરણું | ૪૮ |
| ૪૯. | પ્રીત પુરાણી | ૪૯ |
| ૫૦. | ઢોલ વાગે છે. | ૫૦ |
| ૫૧. | સમજાવે વાત | ૫૧ |
| ૫૨. | કાળનું ચક્કર | ૫૨ |
| ૫૩. | પ્રેમનું સંગીત | ૫૩ |
| ૫૪. | સાધકને | ૫૪ |
| ૫૫. | વૈકુંઠ પામશે. | ૫૫ |
| ૫૬. | તૂટે નહીં તાર | ૫૬ |
| ૫૭. | વંદન હજારો વાર | ૫૭ |
| ૫૮. | ઝળકતું જીવન | ૫૮ |
| ૫૯. | વિરહની વેદના | ૫૯ |
| ૬૦. | દર્શનની ઝંખના | ૬૦ |
| ૬૧. | કુદરત | ૬૧ |
| ૬૨. | ધર્મનો તાજ | ૬૨ |
| ૬૩. | જીવન ઉગારજો | ૬૩ |
| ૬૪. | બંધન જાશે | ૬૭ |
| ૬૫. | વડલો | ૬૮ |

| | | |
|---|---|---|
| ૬૬. | નિત જાગું | ૬૯ |
| ૬૭. | મારાં નાવિક | ૭૦ |
| ૬૮. | બાજી જીતાડી | ૭૧ |
| ૬૯. | અવતાર એળે ગયો | ૭૨ |
| ૭૦. | હું, મેં ને મારું | ૭૩ |
| ૭૧. | યુગાવતાર | ૭૪ |
| ૭૨. | ભક્તોને | ૭૫ |
| ૭૩. | ભક્તિ મસાલો | ૭૬ |
| ૭૪. | સદાય દેતો | ૭૭ |
| ૭૫. | ધન્ય જીવન | ૭૮ |
| ૭૬. | દીવડો | ૭૯ |
| ૭૭. | તેને તજીએ | ૮૦ |
| ૭૮. | ગોડી - ૧ | ૮૧ |
| ૭૯. | ગોડી - ૨ | ૮૨ |
| ૮૦. | આરતી - ૧ | ૮૩ |
| ૮૧. | આરતી - ૨ | ૮૪ |
| ૮૨. | આરતી - ૩ | ૮૫ |
| ૮૩. | ભજન - ૧ | ૮૬ |
| ૮૪. | ભજન - ૨ | ૮૭ |
| ૮૫. | ભજન - ૩ | ૮૮ |
| ૮૬. | ભજન - ૪ | ૮૯ |
| ૮૭. | ભજન - ૫ | ૯૦ |
| ૮૮. | ભજન - ૬ | ૯૧ |
| ૮૯. | ભજન - ૭ | ૯૨ |
| ૯૦. | ગામનો ગરબો | ૯૩ |

# મારો વારો

રાગ :- જેવો તેવો પ્રભુ હું તારો

જેવો તેવો પણ હું તારો,
હાથ પકડને મા !! મારો.
મને બંધનમાંથી ઉગારો,
હવે ! વારો આવ્યો છે મારો .. - જેવો..

મને આધાર છે મા !! તમારો,
મિથ્યા સંસારેથી તારો,
જીવન ભરનો થાક, ઉતારો,
હવે ! વારો આવ્યો છે મારો..,જેવો.
નાવિક બની હલેસાં મારો,
નાવડી મારી મા !! હંકારો,
તેને તમે પાર ઉતારો,
હવે ! વારો આવ્યો છે મારો...જેવો..
ભૂલો પડયો મને ઉગારો,
મારે માથે છે પાપનો ભારો.
મા !! દેજો દુર્લભને સહારો,
હવે ! વારો આવ્યો છે મારો...જેવો.

# ઉન્નત જીવન

સત્સંગનો રસ ચાખ,
ભાઈ તું તો સત્સંગનો રસ ચાખ
તારા અંતરની આંખ ઉઘાડ
ભાઈ તું તો અંતરની આંખ ઉઘાડ...ભાઈ.
મીરાંએ ચાખ્યો ને, શબરીએ ચાખ્યો (૨)
પ્યાલા ભરી ભરી, નરસિંહ મહેતાએ ચાખ્યો,
મારું અંતર કરે એની માગ...ભાઈ
રામકૃષ્ણએ ચાખ્યો ને જ્ઞાનેશ્વરે ચાખ્યો (૨)
પ્યાલો ભરી ભરી યોગેશ્વરે ચાખ્યો,
મારું મનડું રાખે એની આશ...ભાઈ.
જલારામે ચાખ્યો ને તુકારામે ચાખ્યો (૨)
પ્યાલા ભરી ભરી, મા..સર્વેશ્વરીએ ચાખ્યો,
મારાં દિલમાં લાગી એની પ્યાસ...ભાઈ.
સત્સંગનો દુર્લભ રસ ચાખીને,
ઉન્નત જીવન તારું રાખ.
ભાઈ તું તો સત્સંગનો રસ ચાખ...ભાઈ.

# પોકાર

### રાગ :-સુખદુઃખ મનમાં ન આણીએ.

સર્વેશ્વરી મા તમે સાંભળો,
સાંભળો, મારા માતાજી.
કળિયુગ આવ્યો છે કારમો,
કપરો આવ્યો છે કાળજી....સર્વેશ્વરી.
ઈર્ષા અનીતિ વધી ગયાં,
વધી ગયા કપટ ને કુસંપજી,
જુઠાણું ચાલી રહ્યું છે જગતમાં
વધી રહ્યા છે છૂપા પાપજી....સર્વેશ્વરી.
દોહલી વેળા આવી છે દુનિયા માંહી
કળિયુગે કર્યો છે વાસજી
કરુણા કરજો કપરા કાળમાં,
આવી કરજો અમને સહાયજી....સર્વેશ્વરી.
સર્વે - માત મારી સાંભળો,
કરે દુર્લભજી પોકારજી,
અંત સમયે તમે આવજો
સાંભળી મારો પોકારજી....સર્વેશ્વરી.

# પ્રેમનો પ્યાલો

રાગ :- પરોઢીએ પંખી જાગીને

આજે માનવ, લોભ લાલચને
લક્ષ્મીમાં લપટાયો છે.
ન્યાય નીતિને નેવે મૂકીને,
માયામાં જકડાયો છે....આજે.
દાનવ બનીને માનવ આજે,
દાવાનળ પ્રગટાવ્યો છે.
સંહાર લીલા જ્યાં ત્યાં કરીને,
સૃષ્ટિને સળગાવી છે....આજે.
લોહી તરસી દુનિયામાં
ગળાં ગરીબોનાં કાપે છે.
લૂંટફાટ કરી લોચા વાળી,
મહા વ્યથા જગાડે છે...આજે.
વમળમાં ખેંચાયો માનવ
ભવ સાગરમાં ભટકાયો છે.
ધોઈને કાદવ હૃદયનો ત્યારે,
પ્રભુ તણો પ્રેમ શોધે ...આજે.
ભાર પૃથ્વીનો હળવો કરવા,
પ્રભુ પોતે પધારે છે.
મા..પ્રભુનો પ્રેમનો પ્યાલો,
પ્રેમ ધરીને તું પી લેજે...આજે.

# દિલડાની વાત

રાગ :- જૂનું તો થયું રે દેવળ,

કોને રે કહું ? વહાલા કોને રે કહું ? (૨)
મારા દિલડાની વાત, પ્રભુ તને રે કહું...મારા
તારે ને મારે પ્રભુ ! પ્રીત પુરાણી રે (૨)
દિલડાની વાત, હું તો તને રે કહું...મારાં
સહાય કરો રે શામળા, સહાય રે કરો, (૨)
હું તો હારી ગયો ને, હરિ સહાય રે કરો....મારા
દયા રે કરો રે દીનાનાથ, દયા રે કરો (૨)
મારું દિલડું દુભાયને, દયા રે કરો.... મારા
કેમ રે તરું ? વહાલાં , કેમ રે તરું ! (૨)
તારાં વિના સંસાર, કેમ રે તરું ?....મારા
દાસ દુર્લભ કહે મારાં, શામળીયાજી વહાલાં..(૨)
જન્મો જન્મ, તારી સાથે રે રહું...મારા.

# છૂપા સંદેશા
રાગ :- આંબાની ડાળે બેઠી કોયલડી

કદમની ડાળે બેઠો કનૈયો,
બંસીના મીઠા સૂરને રેલાવે રે લોલ
નીચે ઊભેલી રાધાને ગોપીઓ,
રાસ રમવાને લાગી રે લોલ.........કદમની
કદમની ડાળે બેઠો કનૈયો,
બંસીના મીઠાં સૂરને રેલાવે રે લોલ.
દૂર દૂર ચરંતી ગાયો ને વાછરાં
સાંભળીને ગેલમાં આવતા રે લોલ....કદમની
કદમની ડાળે બેઠો કનૈયો,
બંસીના મીઠાં સુરને રેલાવે રે લોલ.
દર્શને આવેલા ભક્ત જનોને,
ગાંડા ઘેલા બનાવે રે લોલ..........કદમની
કદમની ડાળે બેઠો કનૈયો,
છૂપા સંદેશા રેલાવે રે લોલ.
દૂર દૂર બેઠેલા મા, પ્રભુને,
તેના દર્શને બોલાવે રે લોલ..........કદમની

# આંખડી ઠરી

રાગ :- જૂનું તો થયું રે , દેવળ જૂનું તો

અણમોલ ઘડી રે (વ્હાલા) રળિયામણી ઘડી,
મેં તો નિરખ્યા ગુરુદેવને આજની ઘડી. (૨)

કામ ક્રોધ લોભ વહાલા, મને શકે નહિ અડી (૨)
ગુરુદેવની મૂર્તિ મારાં હૃદમાં તો ખડી...અણમોલ

આ જીવની બુધ્ધિ (વહાલા) જાણી શકે નહિ જરી (૨)
સદ્‌ગુરુની કૃપા વિના, વસ્તુ મને નહિ જડી...અણમોલ

હું તો રહ્યો (વહાલા) ભવસાગર ભટકી ભટકી, (૨)
પ્રભુ સાથે પ્રીત  જોડતાં દ્વિધા તો ટળી....અણમોલ

જ્ઞાન કૂંચી મળતાં (વહાલા) તાળા ગયા ઉઘડી,
નિહાળતા ગુરુદેવને, દુર્લભની આંખડી ઠરી...અણમોલ.

# માયા છોડાવો

ગાવો હરિનાં ગુણલા ગાવો,
અવસર આવો નહિ મળશે રે,
અવસર આવો મળશે નહિ,
અલખની ધૂન જગાવો રે......ગાવો

દેવોને દુર્લભ દર્શન જેના,
સાચું સ્વરૂપ સમજાવો રે.
તનડાં મનડાંના દુઃખો ટાળો
ગુરુનાં ચરણોમાં જાવો રે.....ગાવો

હેતે હરિનાં ભજન ગાવો,
તેમાં આવે નહિ અભાવો રે,
પળ વીતે તારી પ્રભુ વિના
પ્રભુમાં મનડું લગાવો રે......ગાવો

દુર્લભ કહે ગુરુજી અમને,
ભાન જગતનું ભૂલાવો રે
હૈયું મારું હરિમાં રહેજો
માયા બધી છોડાવો રે.......ગાવો

# રંગાય જાને રંગમાં

તું રંગાય જાને રંગમાં,
માં, સર્વે. ના સત્સંગમાં,
તું રંગાય જાને રગમાં,
ગુરુ યોગેશ્વરના સત્સંગમાં (૨)
તું રંગાય જાને રામ રંગમાં...રંગાય.
સીતા રંગાઈને શબરી રંગાઈ
નરસિંહ રંગાયો રામ રંગમાં,
એ પહોંચી ગયા વૈકુંઠમાં,
માયા મમતા છોડી દઈને,(૨)
રંગાય જાને રામ રંગમાં....રંગાય.
શારદા રંગાય ને મીરાં રંગાય,
રામકૃષ્ણ રંગાયા રામ રંગમાં,
એ પંકાઈ ગયા આ જગમાં.
અહંકાર તારો ઓગાળી દઈને (૨)
રંગાય જાને રામ રંગમાં...રંગાય.
પ્રહલાદ રંગાયોને ધ્રુવ રંગાયો,
તુકારામ રંગાયો રામ રંગમાં,
એ તો અમર થયા આ જગમાં
આત્માનું કલ્યાણ કરવા માટે, (૨)
તું રંગાય જાને રામ રંગમાં...રંગાય.

# જરૂર જવાના

રાગ :- પરોઢીએ પંખી જાગીને

જનમ્યા તે તો જરૂર જવાના,
રોનારાં અહીં નથી રહેવાના
કાળ કોળિયો કરશે ત્યારે,
વહેલા મોડા સૌ જવાના...જનમ્યા
જીવન મારું વહી ચાલ્યું ને,
રોક્યું નહિ એ રોકાવાનું.
તોએ પ્રભુને ન ઓળખ્યા,
કેમ કરી સંસાર તરવાના....જનમ્યા.
સગાં સબંધી મારા છે પણ,
પણ તે બધા છે કહેવાના,
સ્વારથ જાતાં ખસી જવાના,
એ પાસે કોઈ નથી રહેવાના...જનમ્યા
વાડી બંગલા માલ ખજાના,
અહીંના અહીં છે રહેવાના,
દાસ દુર્લભ કહે કર જોડી,
સ્મશાને સૌ સિધાવવાના...જનમ્યા.

# જમનું તેડું

રાગ :-રંગાય જાને રંગમાં..

ઝુકાવને જીવન જંગમાં,
રહેજે પ્રભુના સંગમાં,
ફસાતો નહિ, માયાનાં ફંદમાં,
રહેજે પ્રભુનાં સંગમાં...ઝુકાવને.
બાલપણામાં ખેલ્યો ને કૂદીયો
પણ લીધું ન તારું નામ,
ઓળખ્યા ન આતમરામ,
શોધી શોધી થાક્યો હું તો.(૨)
પણ મળ્યું નહિ તારું ઠામ...ઝુકાવને.
જુવાનીના જોમમાં જાગ્યો નહિ, ને,
ચેનચાળા કરતો તમામ,
પણ ભજ્યા નહિ રાધેશ્યામ,
દામ કમાવા દોડયો હું તો, (૨)
ફરતો ગામોગામ...ઝુકાવને
ઘડપણમાં કાયા ધ્રૂજવાને લાગી,
પડી ગયા દાંત તમામ,
પણ દુર્લભ ભજ્યા નહિ, સીતારામ.
જમનું તેડું આવીને બેઠું, (૨)
જાવું પડશે મૂકી તમામ...ઝુકાવને.

# પોકાર

આવો આવો હરિ
કહું છું ફરી ફરી.
હરિ અંતઘડીએ આવો.
મને દિલમાં દિલાસો આપો....આવો.
મેં પાપ કર્યા છે એવા
નથી કોઈની કરી સેવા
હરિ અંત ઘડીએ આવો
મને જેવો હોય તેવો નિભાવો...આવો
મેં લીધું નથી તમારું નામ
મારે ઠરવાનું નથી ઠામ
હરિ અંતઘડીએ આવો
મારે વહારે તમે તો ધાવો......આવો
હરિ સાંભળી દુર્લભનો પોકાર
હરિ તારો છે  મને આધાર
હરિ અંતઘડીએ આવો
મને તમારામાં મિલાવો........આવો

# પ્રભુનો સહારો

નમન હો પ્રભુજી - ચરણમાં તમારાં
સ્વીકારોને વંદન કરોડો અમારાં...નમન
જન્મ દીધોને, માતાના દૂધ રેલાવી
આંખોમાં તેં તો, જ્યોતિ જલાવી,
સાંભળવાને મૂક્યા, કાનો નિરાળા,
હાથ પગ દિસે, અતિ રળિયામણા..નમન
બળ બુધ્ધિ આપી, કાયાના હો સ્વામી,
કાયા બનાવી ન  રાખી તેં તો ખામી,
ખાવાને દીધાં અન્નને, વર્ષાની ધારા,
ઠંડીના શિયાળાને, ગરમીના ઉનાળા...નમન
માનવ બનાવીને, ઉપકાર તેં તો કીધો,
ભક્તિ કરવાનો  કોલ તને દીધો,
વચન ભૂલીને ચાલ્યો નહિ સીધો,
પસ્તાઈને પ્રભુનો, સહારો તો લીધો...નમન

# હું તરું "ધૂન"

મા, મા, માનું નામ મધુરું
મા, મારું કરશે કામ પૂરું...મા.
મા, મા, માનું નામ મધુરું
મા છે મારાં જ્ઞાની સદ્દગુરુ...મા.
મા, મા, માનું નામ મધુરું
મા, કોઈનું ઈચ્છે નહિ બૂરું...મા
મા, મા, માનું નામ મધુરું
દર્શન કરવા મનડું મારું અધીરું...મા.
મા, મા, માનું નામ મધુરું
મા ડગે નહિ ડગી જાય મેરુ...મા.
મા, મા, માનું નામ મધુરું
મા તો મારાં જન્મો જન્મના ભેરું...મા.
મા, મા, માનું નામ મધુરું
મા ના, નામે ભવસાગર હું તરું...મા.
મા, મા, માનું નામ મધુરું
મા તારે ચરણે દુર્લભે રહેવું...મા.

# સૂકાન સંભાળો

રાગ :-હરિગીત-દેખ બિચારી બકરીની પણ

હોડી મારી હું જ ચલાવીશ.
એવી હૈયે હૂંફ હતી
જીવન સાગરમાં દિશા બાંધી
હોડી મારી હંકારી....હોડી.
સાધના કરી સિધ્ધિએ જાતાં
કિનારો મારો દૂર ગયો,
હલેસાં મારી મારી ને
પ્રભુ ! હવે હું થાકી ગયો....હોડી.
હિંમત મારી હારી ગયો ને
પૂરે પૂરો હું પસ્તાયો
પ્રભુ ! ગર્વ મારો ગળી ગયો ને
પ્રભુ ! સૂકાન મારું સંભાળો....હોડી.

# કીર્તિધ્વજ

રાગ :- ધોળ

ગુરુજી રે મારા યોગેશ્વર વહાલાં
કરીએ તમોને કાલા રે વાલા
મારાં મન મંદિરે પધારો તો
પ્રેમથી તમોને પ્રણમીએ રે.......ગુરુજી

જ્યોતિ મૈયાએ, તમને સાથે રે લીધાં
ભણાવી ગણાવીને મોટાં રે કીધાં
હિમાલયને ખોળે તમને સોંપી દીધાં તો...પ્રેમથી

હિમાલયે રે તમને મોટાં રે કીધા
તપસ્વી બનાવીને હીરા રે કીધા
દેશ વિદેશે કીર્તિધ્વજ ફરકાવી દીધાં તો..પ્રેમથી

સર્વે માને તમોએ સાથે જ લીધાં
કારજ સઘળા તેનાં રે કીધાં
મંત્ર દીક્ષા આપી, પાવન અમને કીધાં તો...પ્રેમથી.

# દિનચર્યા

રાગ :- પ્રભાતિયાનો-વૈષ્ણવ જન તો તેને..

સૂતા ને ઊઠતા સાથે રહેજો
શામળીયાજી મારા વહાલાં રે
નિત નિત તારાં દર્શન થાયે તો
પ્રેમે પુજન કરીએ રે....સૂતા
દાતણ કરતાં દર્શન થાયે
દીનાનાથ દયાળુ રે
નિર્મળ જળમાં નાવણ કરો વહાલા
નંદકુંવર નંદલાલા રે....સૂતા
ભોજન કરતાં ભૂદરને ભાળું
ભોળાનાથ દયાળુ રે
ભાવ થકી તમે ભોજન કરજો
ભેળા જમજો વ્હાલા રે....સૂતા
પોઢણ કરો પુરુષોતમ વહાલાં
મીઠી નિદ્રા લેજો રે
જાગો ત્યારે મને જગાડી
સાથે મારી રહેજો રે....સૂતા

# તેનાં ભજન કરું

તેને ! તેને યાદ કરું, તેને નમન કરું,
રોજ સવારે પ્રથમ ઊઠીને તેનાં ભજન કરું.
જેણે...સંસારરૂપી સાગર સરજાવ્યો,
નાવડી રૂપી નર દેહ બનાવ્યો,
દીવડો....પ્રગટાવ્યો....તેને,
જેણે...જીવનની જ્યોતિ પ્રગટાવી,
અંતરની દિવડી સળગાવી,
ચેતના ....ચમકાવી....તેને,
જેણે....પ્રીત પ્રભુતણી પ્રગટાવી,
તન મહીં તૃષા જગાડી,
ઉર્મિ....ઉછાળી....તેને,
જેણે....દેહ તણાં દેવળ બનાવ્યાં,
વાટ મૂકી ચેતન જગાવ્યું,
જ્યોતિ....પ્રગટાવી....તેને.
જે માનવ દેહનાં દાન જ દીધાં,
અંતરમાં અજવાળાં કીધાં,
ઉરમાં ....ભાવભર્યો....તેને.
જેણે....ગુરુ ગોવિંદનું શરણું લીધું,
કારજ પ્રભુએ તેનું કીધું,
''મા'' એ જતન કીધું....તેને.

# જીવન ખોયું

રાગ :-વૈષ્ણવ જન તો તેને કહીએ

આ અવસર છે હરિ ભજવાનો,
ફરી ફરી નહિ મળશે  રે,
જીવન જાતાં વાર નહિ લાગે.
પાછળથી પસ્તાશે રે....આ...... ૧
આવ્યો તુ તો કમાણી કરવા.
પણ, કમાયો નહિ કોડી રે
પ્રેમ થકી તું પ્રભુને ભજી લે.
માયા બધી દે છોડી રે....આ......૨
પારકી નિંદા કરી, પાપ જ ધોયાં
પણ તેની પીડાં ન જાણી રે
ખાઈને જાશો ને ખતા ખાશો
વહી જાશે સઘળાં પાણી રે....આ..૩
મોહે ભર્યો ને મદે ભર્યો તું
માયામાં અંજાયો રે
ધાયો ત્યાં તો ધૂળ કમાયો,
સંસારમાં ફસાયો રે....આ........૪
માયામાં તું તો ઘેરાયો,
પણ વિચારીને ન જોયું રે,
દાસ દુર્લભ કહે કર જોડી,
મોંઘું જીવન તેં ખોયું રે...આ..પ

# પતીજ તારી જાશે

## રાગ :- કેમ ભૂલે, કેમ ભૂલે..

માનું જતન કરજો,
મારાં પ્રભુ માનું જતન કરજો.
મારી અરજી તે ઉરમાં ધરજો,
મારાં પ્રભુ માનું જતન કરજો..મારા પ્રભુ.....૧
જીવન એણે હોડમાં મૂક્યું,
ચાટી શકાય નહિ ભોંયે થૂક્યું.
અસત્યે, શિર ન ઝૂક્યું....મારા પ્રભુ.........૨
દેહ એણે, તાવી નાખ્યો,
અપવાસ કરી ઓગાળી નાખ્યો,
તોએ તું ન જાગ્યો....મારા પ્રભુ............૩
પૂરી ન થઈ, માની કસોટી !
વાત કરો છો મોટી મોટી !
જગતે મળશે નહિ એની જોટી....મારા પ્રભુ...૪
શું રહ્યું છે. ? હજી બાકી ?
જુવો છો શું ! તાકી તાકી ?
દર્શન આપોને મુરારિ...મારા પ્રભુ..........૫
બહુ ખેંચશો તો તૂટી જાશે
તૂટી જાશે તો હાંસી થાસે,
પતીજ તારી....જાશે...મારા પ્રભુ -........ ૬

# ભૂદરને ભજીએ

રાગ :- વૈષ્ણવ જન તો ...

ભક્તિ કરી કરી, ભૂદરને ભજીએ.
કમલવત થઈને રહીએ રે,
નિત નિત તારા દર્શન થાયે તો,
પ્રેમે પૂજન કરીએ રે....ભક્તિ.
સંસાર સાગરમાં ગોથાં ખાધાં,
ન કરવાનાં કર્મો, કીધાં રે,
ઠોકરો અમને, વાગી ઘણી પણ,
ચાલતાં નથી, તોયે સીધા રે....ભક્તિ.
ગુરુ કહે તે, કાને ન ધરીએ,
ઘાંચીના બેલની જેમ ફરીએ રે,
ચક્કર પર ચક્કર માર્યા ઘણાં પણ,
ત્યાંના ત્યાં જ રહીએ રે....ભક્તિ.
પાણી વલોવતાં, માખણ નહિ આવે,
ભૂખ વિના ભોજન ન ભાવે રે,
પ્રીત વિના પાનો ન આવે
એમ દુર્લભજી, સુણાવે રે....ભક્તિ.

# કેમ તરીએ ?
## રાગ :- જૂનું તો થયું રે દેવળ

હરિ ભજીએ રે, ગુરુજી પ્રભુ ભજીએ (૨)
ગુરુજી ? તમારાં વિના તે અમે કેમ તરીએ ?...હરિ-૧

કેમ સહીએ રે ! ગુરુજી કેમ સહીએ ? (૨)
ગુરુજી ! વિયોગની વેદના કેમ સહીએ ?.......હરિ-૨

કેમ રહીએ રે ! ગુરુજી કેમ રહીએ ? (૨)
ગુરુજી ! છેટાં છેટાં તે અમે કેમ રહીએ ? .....હરિ-૩

કોને રે કહીએ ગુરુજી કોને રે કહીએ ! (૨)
ગુરુજી ! દિલડાંનાં દુઃખ તે અમે કોને રે કહીએ ?...હરિ-૪

દાસ દુર્લભ કહે મારાં ગુરુદેવ વહાલાં (૨)
ગુરુજી ! તમારા વિના અમે કેમ તરીએ ?......હરિ-૫

# પુરાણી પ્રીત

રાગ :-પ્રભાતિયા-વૈષ્ણવ જન તો...

પ્રભુ ! તારે ને મારે, પ્રીત પુરાણી,
અજ્ઞાને ન દેખાણી રે....પ્રભુ
ભવોભવથી, ભટકી ભટકીને,
ઠોકરો મેં ઘણી  ખાધી રે....પ્રભુ
કરવા આવ્યો, નફો કમાણી,
પણ, ખોટ ઘણી મેં ખાધી રે....પ્રભુ
પાળ પહેલાં ન બાંધી મેં તો,
વહી ગયા સઘળાં પાણી રે,
જોબનિયું મારું ચાલ્યું ગયું ને,
ઘડપણ આવ્યું દોડી રે....પ્રભુ
જીવન મારું એળે ગયું ને,
કમાયો નહિ કોડી રે,
માયા છોડી પ્રભુને ભજી લે,
દુર્લભ કહે, કર જોડી રે....પ્રભુ.

ઓરે યોગેશ્વર મા,
મા સર્વેશ્વરી પાસે જા,
તે માગે છે તારી ઘા,
તેને પ્રેમનો પ્યાલો તું પા.........ઓરે-૧

ઓરે ઓરે યોગેશ્વર મા
તું સર્વેશ્વરી પાસે જા
તે માગે છે તારી ઘા
તેને હરિ રસ પા....ઓરે-૨

ઓરે યોગેશ્વર મા,
મા સર્વેશ્વરી પાસે જા,
તેનો સાચો સુકાની થા,
તેની નાવડી હંકારવા જા..,,;,,,,.ઓરે-૩

ઓરે યોગેશ્વર મા,
મા સર્વેશ્વરી પાસે જા,
તેનું કહ્યું તું માની જા
પ્રભુ વહેલો તું પ્રગટી જા....ઓરે-૪

ઓરે યોગેશ્વર મા,
મા સર્વેશ્વરી પાસે જા,
તારા ભક્તોની વ્હારે તું ધા
તેને દર્શન કરાવતો જા....ઓરે.

# એક લાકડે બળવાના

### રાગ :- હરિગીત - પ્રભાતિયાનો

ખાલી આવ્યા, ખાલી જઈશું.
સાથે કંઈ નહિ લેવાના,
તારી કમાણી અહીંયા રહેશે.
પાછળના ને, દેવાના...ખાલી

જમીન જાગીરી, વાડી બંગલા,
સાથે કંઈ નહિ, લેવાના,
તારી કમાણી, અહીંયા રહેશે,
પાછળના ને, દેવાના...ખાલી

જૂઠી રે માયા, જૂઠી રે કાયા,
જૂઠા જોરું જાયા રે,
અંત સમયે, કોઈ નહિ ધાયા,
ખોટા તેમાં ફસાયા રે...ખાલી

ઉચાટ મનમાં થાય અનેરો,
મારું રળેલું કોણ ખાવાના,
કાળ કોળિયો કરશે ત્યારે
વહેલા મોડાં સૌ જાવાનાં...ખાલી

ગરીબ તવંગર, રંક ને રાય,
સ્મશાને સૌ, સિધાવાના
દાસ દુર્લભ, કહે કર જોડી,
સૌ એક લાકડે બળવાના...ખાલી.

# નહિ જડે

રાગ :- મારા ગુરુ ગોપાળ

મનવા, અવનવા ઘાટ તું શાને ઘડે,
પળપળની તને, ખબર ન પડે,
પણ...ગુરુ વિના, રસ્તા ના રે જડે....મનવા-૧

જન્મો જન્મથી, તું અથડાતો ફરે,
છતાં કાળા કાબરાં, કરતો રહે,
પણ...ભૂદરને ભજવાથી, પાર ઊતરે...મનવા-૨

સાદી સીધી વાત, તને સમજાતી નથી,
નીચે હીરો પડયો, તે દેખાતો નથી,
પણ...હરિનું ભજન તું, કરતો નથી...મનવા-૩

ભમરા જેમ તું, ભટક્યા કરે,
કાલની વાતની, તને ખબર ના પડે,
પણ...ગુરુ વિના, રસ્તો નહિ જડે...મનવા-૪

# જતન કરજો

મારાં જીવનનું, જતન કરજો,
મા - પ્રભુ, જીવનનું જતન કરજો,
મારી અરજી, તો ઉરમાં ધરજો,
મા-પ્રભુ જીવનનું જતન કરજો...મા - પ્રભુ -૧
ભવોભવથી, ભટકી રહ્યો છું,
ઊંચે અધ્ધર, લટકી રહ્યો છું.
દયા કરીને, ઉગારો,...મા - પ્રભુ -૨
બારણે આવ્યો, બાળક તારો,
તેની અરજી, ઉરમાં ધરો,
ભવજળથી, પાર ઉતારો...મા - પ્રભુ -૩
મીરાંબાઈનાં, ઝેર જ પીધાં,
દ્રૌપદીને, દાન જ દીધાં,
જીવનનાં, જતન કીધાં...મા - પ્રભુ -૪
ભવોભવની બેડી, તોડો.
આશિષ આપી, આવો દોડી,
દુર્લભ કહે, કર જોડી...મા - પ્રભુ -૫

# સર્વનું મંગલ કરે

રાગ :- ભક્તો તણાં શિર મુકુટશ્રી હનુમાનજી મંગલ કરે.

યોગેશ્વરનું શરણું સ્વીકાર્યું પૂર્વના યોગે કરી,
જીવન સમર્પિત તો કરી, પ્રેમથી સેવા કરી,
ધ્યેયમાં અડગ રહી, ટીકાની પરવા ના કરી,
એવા સર્વેશ્વરી માત મારાં, સર્વનું મંગલ કરે...૧

દૈવી શક્તિથી દર્શન કરી, ભાવથી ભક્તિ કરી,
તપસ્વી થયાં મા તમે, દેશ વિદેશે વિચરે,
દુઃખી જનના દુઃખો ટાળી, પ્રેમથી સેવા કરે,
એવા સર્વેશ્વરી માત મારાં, સર્વનું મંગલ કરે...૨

પ્રેમ તણી વરસાવી વર્ષા, ભક્તોને ઘેલા કરે,
વાત્સલ્ય મૂર્તિ માત મારાં, વ્હાલથી સેવા કરે,
પવિત્ર ગંગાના રૂપમાં,પ્રેમ અસ્ખલિત વહ્યા કરે
એવા સર્વેશ્વરી માત મારાં, સર્વનું મંગલ કરે...૩

ભક્તિ ભાવથી માનું અંતર, પ્રેમથી તો ઉભરે,
દેહભાવ તો ના રહે, આત્માની ખોજો કરે,
શિખરો તો સર કર્યાં, આધ્યાત્મિક જગતમાં
એવા સર્વેશ્વરી માત મારાં, સર્વનું મંગલ કરે...૪

# મુક્તિનું બારું

## રાગ :- આંખ મારી ઉઘડે ને

આંખ મારી ઉઘડે ને મા - પ્રભુને દેખું,
હું દર્શન પામ્યો, મારું સદ્ભાગ્ય લેખું,,,આંખ
એની આજ્ઞા વિના, ડગ નહિ મેલું,
ધન્ય મારું ભાગ્ય, પૂર્વ જન્મનું એ લેખું...આંખ.
માગું માગું ને, બીજું નહિ માગું,
જન્મો જન્મનો, સાથ એનો માગું...આંખ.
ત્યાગુ ત્યાગુને, મોહ મમતાને ત્યાગું,
કામ ક્રોધને વળી, લોભને વિસારું...આંખ.
જાગું જાગું ને, અંતરથી જાગું,
ઉંઘ આળસને, વહેલી વિદાય આપું...આંખ.
હૈયેથી મા - પ્રભુની, ભક્તિ ન વિસારું,
એ તો છે મારું, મુક્તિ કેરું બારું...આંખ.

# સુકાની થાજો

માવડી મારી રે , નાવડી પાર ઉતારજો,
અંતરની અરજી રે માવડી મારી સ્વીકારજો,
જો જો ન લાગે વાર, મૈયા આવી સંભાળજો....૧

તારે ભરોસે રે, નાવડી છોડી છે માવડી,
નથી કોઈનો બીજો આધાર, મૈયા આવી સંભાળજો..૨

સંસાર સાગરમાં રે, તોફાન ભારે છે માવડી,
માયાનાં મોજાંનો માર, મૈયા આવીને ટાળજો....૩

રખડી રખડી રે, થાકી ગયો છું માવડી,
જોઈએ મા તમારો સાથ, મૈયા આવીને આપજો..૪

આ નાવિકની નાવડી રે મૈયા સોંપી છે તમને,
સુકાની થાજો માત, મૈયા આવી ઉગારજો.......૫

# લાગી નથી ચટકી

રાગ :- ગઝલ

સર્વેશ્વરી માત હો મારાં,
તમોને પાયે લાગું છું,
તમારો બાળ જાણીને,
સદૈવ આશિષ માગું છું...૧
નથી મેં કરી આપની ભક્તિ,
નથી તનમાં રહી શક્તિ,
દિલમાં લાગી નથી ચટકી,
ભવોભવથી રહ્યો ભટકી...૨
જીવન સંધ્યા રહી છે ઢળતી,
છતાં આશા નથી ફળતી
ઉપાધિ મારી ,નથી ટળતી,
મારું દિલ રહયું ધબકી...૩
''મા'' શોધું, તને હું કયાં,
તું શોધી નથી જડતી,
આશા મારી નથી ફળતી,
નથી ચાવી મને જડતી...૪

# અમ્મર રાખડી

રાગ :- હિંચકે ઝુલવા આવો મારા વ્હાલા

મારી ઝુંપડીએ, આવો મારા માવડી
જોઉં છું તમારી, વાટડી રે...(૨)
અંતરનાં નાદને સુણો મારાં માવડી (૨)
સંત પેઢીના સાદને રે...(૨)...મારી
કંકુ કેસરના સાથિયા પુરાવું (૨)
ફૂલડાં વેરાવું ભાતભાતનાં રે (૨)...મારી
આસોપાલવનાં તોરણો બંધાવું (૨)
ભોજન કરાવું મન ભાવતાં રે..(૨)..મારી
બેસવા માટે, મા ઢોલિયા ઢળાવું..(૨)
અવનવા સાજથી સજાવું રે...(૨)..મારી
'મા' મંગલકારી વાત મારી માનજો (૨)
પ્રેમથી પહેરાવજો પાવડી રે (૨)...મારી
રોજ રોજ જોઉં મા, તમારી વાટડી (૨)
હાથે બંધાવું, અમ્મર રાખડી રે (૨)..મારી
રાખડી બાંધજો ને પાવડી પહેરાવજો (૨)
અલખની ધૂન જગાવું રે...(૨)...મારી.

# દેહની દીવાદાંડી

## રાગ :- પવાડા ગીત - ઘેરીયા ગીત

દેશની છે દીવાદાંડી
બારડોલી છે પૂણ્યભૂમિ...હરિ ૐ..હરિ..હરિ.
અગાસી માતાનું મંદિર,
ત્યાં થશે ધ્યાન શિબિર..હરિ ૐ..હરિ..હરિ.
ચોથો નિર્વાણ દિન
ભૂલી શકાયે કેમ ?..હરિ ૐ..હરિ..હરિ.
''મા'' ના એટલા અપવાસ,
યાદ રાખો તમે ખાસ..હરિ ૐ..હરિ..હરિ.
પ્રભુને બોલાવો પાસ,
વિનંતિ કરોને આજ..હરિ ૐ..હરિ..હરિ.
વિનંતિ કરોને આજ
દર્શન આપો દીનાનાથ..હરિ ૐ..હરિ..હરિ.
''મા'' ને જો દર્શન થાય,
વ્રત એનાં પૂરાં થાય..હરિ ૐ..હરિ..હરિ.
હૈયે રાખો હિમ્મત હામ
દિવ્ય દર્શન દેશે રામ..હરિ ૐ..હરિ..હરિ.
જોગાનું જોગ દર્શન થાય,
સર્વેને આનંદ થાય,..હરિ ૐ..હરિ..હરિ.
જોગાનું જોગ દર્શન થાય,
ત્યાં બન્નેની જે બોલાય..હરિ ૐ..હરિ..હરિ
દેશની બને દીવાદાંડી,
બારડોલી છે દિવ્યભૂમિ..હરિ ૐ..હરિ..હરિ.

# પ્રેમ રસ પાજો

રાગ :- હો..હો.. રે તારી જિંદગી જવાની ...

હો  હો  ગુરુજી શરણે આવ્યો છું,
શરણે આવ્યો છું ચરણે પડયો છું...હો..હો
સંસાર સાગરમાં અટવાઈ ગયો છું
અટવાઈ ગયો છું દિશા ભૂલી ગયો છું
હો..તો યે આવ્યું નથી ભાન મને હો..હો..હો
કાચી માટીની મારી કાયા છે ઘડેલી,
માયામાં એ તો બની ગઈ છે ઘેલી
હો..ભક્તિની મને કરાવો તાલાવેલી...હો..હો
ભવસાગરમાં હું તો ભૂલો પડ્યો છું,
ગર્ભવાસના કોલને વિસરી ગયો છું
હો..માયાના બંધન મારાં છોડાવો ગુરુજી..હો..હો
ભવોભવથી હું ભટકી રહ્યો છું
ગુરુજી મારી વહારે તમે ધાજો
હો..વહારે ધાજો મને પ્રેમરસ પાજો...હો..હો

# અંજલિ

રાગ :- ઓ ઈશ્વર ભજીએ તને

ભારતની સન્નારીને શોભે તેવા ગુણ,
અતિશયોક્તિ કરતો નથી, છે તેવું તું સૂણ.
ક્રોધ તેં કીધો નથી, પ્રેમ ભર્યું વર્તન,
ધ્યેય સદા એક જ હતું, ભજન ને કિર્તન
લોભ તેં કીધો નથી, મળે તેમાં સંતોષ,
પ્રભુ કરે તે તો ખરું, માની લેતી એમ.
મમતામાં માને નહિ, નહિ ફસાઈ મોહમાં,
મોહ મમતાને પી જતી, સંસાર સાગરમાં
અહંકાર કીધો નથી, ન કરતી અભિમાન,
લક્ષ્મીને અડી નથી, કરતી ગીતા સ્નાન
ગુરુવચન પર શ્રધ્ધા ઘણી, આત્માથી સૌ એક,
પ્રાણી માત્ર કે મનુષ્ય પર, સરખો રાખતી પ્રેમ
તારે માટે શું કરું ? પામરને નહિ ભાન,
આશીર્વાદ તારાં મળે, સદ્‌બુધ્ધિ અમ થાય
સદ્‌બુધ્ધિ અમ થાય ને, સદ્‌બુધ્ધિ સેવાય,
અંજલિ દેવી અર્પૂં છું, દેજે આશીર્વાદ.

# મનડું મેલું

રાગ :- વૈષ્ણવજન તો ..પ્રભાતિયાનો

પાવન પ્રભુ મારું મનડું મેલું,
એ, તો માયામાં થયું છે ઘેલું રે,
તેને નામ જપવામાં નથી લીધું,
જન્મોથી રહ્યું છે મેલું રે...
જગમાં જન્મ્યો ત્યારે પ્રભુએ
પવિત્ર તનડું દીધું રે,
સંસાર સાગરમાં ભૂલો પડીને,
તનડું કીધું મેલું રે...
પાવન પ્રભુએ અમૃતવાણી દીધી
મેં વાપરી નહિ તેને સીધી રે,
પ્રભુ ! નામ જાપમાં ન લીધી,
તેને ઝેરની પ્યાલી કીધી રે,...
પગે ચાલીને મંદિરે ન જાતો,
પ્રભુને પાયે ન પડતો રે,
દુર્લભ પૂજા પ્રભુની થાતી,
ત્યાં માથું મારું નહિ નમતું. રે...

# જીવન મારું ઝળકે

## રાગ :- હો,હો..રે તારી જિંદગી જવાની

હો..હો..રે પ્રભુ શરણે આવ્યો છું.
શરણે આવ્યો છું તારે ચરણે પડ્યો છું...હો.
અટપટા રસ્તાથી હું ત્રાસી ગયો છું.
ખાડામાં પડીને ગોથાં ખાઈ રહ્યો છું
હો.. તો યે નથી જપતો, તારું નામ પ્રભુજી..હો.
ચારે દિશામાં સૂર વાગી રહ્યા છે,
સાંભળીને ઊભો થાઉં, પણ લપસી પડું છું.
હો.. અશક્તિનો અનુભવ કરી રહ્યો છું...હો.
તારી ભક્તિનો મને રસ્તો બતાવજે,
રસ્તો બતાવજે ને હોંશ હિંમત આપજે,
હો.. ભક્તિના માર્ગે, મને વેગે ધપાવજો,...હો.
વધુ નહિ તો થોડી, સફળતા તું આપજે,
ખોટા રસ્તેથી મને, ઉગારી લેજે,
હો.. જીવન મારું ઝળકે, એવી પ્રતીતિ કરાવજે..હો.

# અંતરની આંખ

રાગ :- હરિગીત-પ્રભાતિયા –વૈષ્ણવ જન તો..

ગર્ભવાસમાં કોલ તને દીધો,
બહાર નીકળી હું ભૂલી ગયો,
મોહ માયામાં ફસાયો હું ને,
આવ્યો અંતરમાં અંધાપો રે....ગર્ભ.
બાલપણું મેં રમતમાં ખોયું,
તારી સામે પ્રભુ નહિ જોયું રે,
મોહ માયામાં ફસાયો હું ને,
ગર્વથી રહ્યો હું ખેલી રે...ગર્ભ.
જુવાની મારી આવી રહી ને,
દિવાની થઈને ડોલી રહી ,
તોએ મારી આંખ ન ખૂલી,
ગર્વથી રહ્યો હું બોલી રે...ગર્ભ,
ઘડપણ મારું આવ્યું દોડી,
કમાયો નહિ હું કોડી રે,
જમનું તેડું આવીને બેઠું
તોએ અંતરની આંખ ન ખોલી રે..ગર્ભ.

# મોતની નોબત

રાગ :- હો..હો..રે..તારી જિંદગી જવાની..

હો,,હો..રે જીવન મોંઘુ મળ્યું છે.
મોંઘુ મળ્યું છે., હવે થોડું રહ્યું છે,..હો..હો..રે
લોભ લાલચમાં મનડું મારું મોહ્યું
પારકી પંચાત કરી પાપ તેનું ધોયું
હો..પાણીના મૂલે જીવન વહી તો રહ્યું છે...હો..હો..રે
બાલપણું મેં રમતમાં ખોયું
જુવાનીના જોમમાં પ્રભુ સામે ન જોયું.
હો..ઘડપણ તો સામે, આવી ઉભું રહ્યું છે...હો..હો..રે
દેવોને દુર્લભ એવો, દેહ મળ્યો છે.
માયાના વમળમાં ફસાઈ રહ્યો છું
હો..આત્માનું કલ્યાણ, કરી રે શક્યો ના..હો..હો..રે
પોતાની જાતને હું પારખી શક્યો ના,
સ્વધર્મનો સથવારો, જાણી શક્યો ના,
હો..મોતની નોબત, વાગી તો રહી છે...હો..હો..રે

# સુકાની થાજો

રાગ :- હરિ ગીત

જ્યાં હો ત્યાં, પ્રભુ મારા,
પ્રણામ અમારા સ્વીકારજો,
સંકટ સમયમાં સહાય કરજો,
આવી અમને ઉગારજો,...જ્યાં
ખોટે રસ્તે જઈએ અમે તો,
ઠોકરો અમને ખવડાવજો,
ભાન થાશે ત્યારે અમને,
આત્મા અંતરથી જાગશે...જ્યાં.
ભક્તિ કરવાનું ભૂલીયે નહિ,
માયા તણા મોહ પાસમાં
જાગૃત અમને રાખજો
જીવનનાં ઝંઝાવાતમાં...જ્યાં
ગુરુ વચન પર શ્રધ્ધા રાખી
નાવ અમારી હંકારીએ
સુકાની થઈને આવજો પ્રભુ
પૂરી શ્રધ્ધા રાખીએ...જ્યાં

# દેવીનાં સન્માન

## રાગ :- ઓધવ આટલું કહેજો મારા નાથને

ગુરુજી સંદેશો કહેજો, સર્વે -માતને ...(૨)
ગયા વિદેશના, પ્રવાસ જો..(૨)...ગુરુજી
અમને તમ વિના નથી ગોઠતું (૨)
સૂના ચૌટા, સૂના શહેર જો..(૨)..ગુરુજી
અમને બોધ દીધાં ભક્તિ તણાં,(૨)
આપ્યા શાંતિ, ક્ષમા, આયુધ જો..(૨)..ગુરુજી
બીજું અમોઘ શસ્ત્ર ભક્તિનું (૨)
હણિયા મોહ, માયાને ક્રોધ જો..(૨)..ગુરુજી
અમને લાગી લગની ભક્તિ તણી..(૨)
રૂડો માવડીનો, આદેશ જો..(૨)..ગુરુજી
મૂર્તિ મંગલકારી, સર્વે - માતની..(૨)
સાચાં દેહ, તણાં ફકીર જો..(૨)..ગુરુજી
તાવ્યા તાવ્યા, આત્માના કારણે..(૨)
કાયા, હાડ અને રુધિર જો..(૨)..ગુરુજી
''મા'' વાટ તમારી, નિહાળીએ..(૨)
દર્શન દેવા આવો આજ રે..(૨)..ગુરુજી
ગુરુએ માન વધાર્યાં, સર્વે-મા તણાં..(૨)
કીધાં દેવીના સન્માન જો...(૨)..ગુરુજી

# મોંઘું જીવન

તમે ભાવે ભજી લો ભગવાન રે,
જીવન થોડું રહ્યું,
કરજો આત્માનું કલ્યાણ
જીવન મોંઘુ મળ્યું..તમે.
બાલપણામાં ને જુવાનીમાં અર્ધું ગયું,
સામે ઘડપણ તો આવી ઊભું તો રહ્યું,
તમે ભક્તિનું ભાથું નહિ ભર્યું....તમે.
પ્રિયા લોભ લાલચમાં મનડું મોહ્યું,
તમે કોઈનું કલ્યાણ નારે જોયું
પાણીના મૂલે જીવન જતું તો રહ્યું...તમે.
પછી ઘડપણમાં જમનું તેડું થયું
પ્રભુ ભજવાનું તો ભાન ન રહ્યું,
ઓચિંતુ મૃત્યુ આવીને ઊભું રહ્યું...તમે.

# તાજ પહેરાવો

રાગ :- પડવાની પણ પ્રીત-ગરબાગીત

ઊઠો ઊઠો પ્રાણ,
પ્રભુજી પ્યારા રે,
સાંભળો મારી વાત,
સરજન હારા રે......૧
આત્માની મુક્તિ કાજ
અપવાસ અનેરા કીધા રે,
સાંભળો મારી વાત,
દિલ મારા ડોલ્યા રે.....૨
પ્રભુજી વિનવુ વારંવાર,
આજ હવે તો ચાલો રે,
જય ! સર્વેશ્વરી ! બોલાય,
તે પંથ ઝાલો રે........૩
પ્રભુ વિશ્વ માંહી,
તું ક્યાં સંતાયો રે,
''મા'' શોધે વારંવાર,
ના દેખાયો રે.........૪
'' મા'' ને દર્શન આપો નાથ,
હવે નહિ ચાલે રે,
વરદ હસ્તે, પહેરાવો તાજ,
આજ ને આજ રે........૫.

# નવલું પ્રભાત

રાગ :- દીકરી તો પારકી થાપણ કહેવાય

મૈયાં..રે...તારા દર્શનીયા કાજે,
લોચનીઆ લલચાય,
દિલડાંના દુઃખ મૈયા !
કોઈને ન કહેવાય (૨)
વિજોગની વેદના મૈયા,
કેમ કરી સહેવાય ?...મૈયા
સંસાર સાગરે, ભૂલો પડયો હું તો
દેખાય નહિ કિનારા, (૨)...મૈયા
મારાં મનનાં મનોરથ ક્યારે ફળશે !
દેખાય નહિ મિનારા (૨)...મૈયા
નથી રહેવાતું, નથી સહેવાતું,
નથી કોઈને કહેવાતું, (૨)...મૈયા
વિદેશેથી વળજો, આશા ફળશે,
મારાં દિલનાં દુઃખડાં ટળશે(૨).મૈયા
આશા ફળશે !! અંધકાર જાશે !
મારું નવલું પ્રભાત ઊગશે..મૈયા..

# ગુર્જર માનું ગૌરવ

ભૂલાયે ના ઓગસ્ટ મહિનો,
તારીખ પંદરમી, તારીખ પંદરમી
ગુર્જર દેશે જનમીયા
યોગેશ્વર ગુરુજી અમારા
વંદન હજો ગુરુજી તમને
લાખો અમારા.................૧
નિજ દેહને કાજે તમો,
અર્પણ કર્યું જીવન (૨)
હિમાલયને ખોળે જઈને
દર્શન કીધાં પ્રભુના...વંદન ...૨
મંત્ર દિક્ષા આપી,
તમે પાવન અમને કીધાં (૨)
એવા સદ્‌ગુરુ યોગેશ્વરજીને
પ્રણામ હજો અમારાં...વંદન ..૩
દેશ વિદેશે જઈને તમે,
ધર્મ પ્રચાર ઘણો કીધો (૨)
ગૌરવ વધાર્યું ગુર્જર માનું
ભક્તોના પ્રાણ પ્યારા...વંદન..૪

# સ્વધર્મ

રાગ :- હો..હો..રે તારી જિંદગી જવાની

હો..હો રે સ્વધર્મને, તું તો શોધી રે લેજે
શોધી તું લે જે હૃદયથી, જાણી તું લેજે...હો..હો
સ્વધર્મને શોધી તેનું ચિંતન કરી લે જે,
ચિંતન કરી તેને પારખી તું લે જે,
હો..તારી જાતનું તું , ધ્યાન ધરી લે જે....હો..હો.
પ્રભુ નથી રહેતો, પૂર્વ કે પશ્ચિમમાં,
એ તો નથી રહેતો, ઉત્તર કે દક્ષિણમાં,
હો...એ તો વ્યાપેલો છે. સર્વના હૃદયમાં...હો..હો.
તારી જાતને તું, હલકી નહિ માનતો,
પ્રભુ તુલ્ય માની ધ્યાન તેનું ધરજે,
હો..ધ્યાન તેનું ધરી, સ્વધર્મને સ્વીકારજે...હો..હો.
સ્વધર્મનો સથવારો, શાંતિથી શોધજે
દુર્લભને તારા, ધામ તરફ દોરજે,
હો..ધામ તરફ દોરી, પ્રભુને મળાવજે.....હો..હો.

# કોલ

કોલ મેં તો દીધો રે, કુદરતની કચેરીમાં
માતુશ્રીએ જન્મ દીધો,
દૂધ પાઈને મોટો કીધો,
ઉપકાર, તેનો ના ભૂલાય રે, કુદરતની કચેરીનો -૧
ભણવા માટે શાળાએ ગયો,
ભણી ગણીને મોટો થયો,
જુવાનીના જોમમાં રે,
પિતાએ, પરણાવી દીધો રે...કોલ............૨
ચાર આંખ થઈ મારી,
માતપિતાને મૂક્યા વિસારી,
હવે ખપ નથી તમારો રે,
વહુ રાણીના રાજપાટમાં...કોલ.............,૩
ગુરુએ મને જ્ઞાન દીધું,
ત્યારે મને ભાન થયું,
અંધકારનું અજવાળું થયું રે,
ગોવિંદના ગુણ ગાવામાં...કોલ.............૪
પિયરની શીખે, કમાલ કીધી,
માતપિતાની પ્રેમે, સેવા કીધી,
અવળી બાજી, સવળી કીધી રે,
હરિનાં ગુણ, ગાવામાં...કોલ..............૫

# સંત પેઢીનું શરણું

મારી યોગેશ્વરી મા, મારી સર્વેશ્વરી મા,
પ્રણામ કરું હું, ઝૂકી ઝૂકી રે,
વંદન કરું હું, ઝૂકી ઝૂકી રે...મારી
મારા જીવનમાં ઝંઝાવાતો આવ્યા છે,
સુખ દુઃખના અનુભવ કરાવ્યા છે,
એ તો કોઈના ટાળેલા ટળતા નથી રે...મારી
યોગેશ્વર તો મારા ગુરુદેવ છે.
મંત્ર આપી આશીર્વાદ આપ્યા છે.
નિયમિત પ્રભુને ભજતો રહેજે રે......મારી
ગુરુદેવને સાષ્ટાંગ પ્રણામ કરું,
બે હાથ જોડી તેને નમન કરું,
ચિંધેલા માર્ગથી ના રે ડગું રે.........મારી
દાસ દુર્લભ તમને વિનવે છે.
સંત પેઢીનું શરણું મેં શોધ્યું છે.
જન્મો જન્મ, મને સાથે લેજો રે.......મારી

# પ્રીત પુરાણી

તારે ને મારે પ્રીત પુરાણી (૨) મારી મા
તું છે. મારી માવડી ને, હું છું તારો બાળ (૨)
હે...!! રોજ રોજ મા વાગે તારા ભણકારાં
નિંદમાં આવે છે મા સ્વપ્નાં તમારાં
મા તારા વિના લાગે (૨) સૂનાં ઘરબાર
તું છે મારી માવડી ને હું છું તારો બાળ....૧
હે..!! તું છે યોગેશ્વરી, તું છે સર્વેશ્વરી
તું છે મારી માવડી ને, હું છું તારો બાળ
હવે મારી સામે જુવો ને લગાર મારી મા
તું છે મારી માવડી ને, હું છું તારો બાળ ...૨
હે...!! પ્રેમ ગાંઠ બાંધી મા,કદીએ ન છૂટે
ભક્તોનું સગપણ કદી ના તૂટે
હાથ મારો ઝાલ્યો ઉતારો ભવપાર
તું છે મારી માવડીને દુર્લભ તારો બાળ...૩

# ઢોલ વાગે છે

વાગે છે, ઢોલ વાગે છે. (૨)
મારી સર્વેશ્વરી, માને દ્વારે ઢોલ વાગે છે. (૨)
સત્ય પંથના દ્વારે ઢોલ વાગે છે.
ગામ ગામનાં, સુથારી આવે છે.
મારી માનો તે બાજઠ, લાવે છે.
બાજઠ પર, માને બેસાડે છે.......ઢોલ.
ગામ ગામનાં, કુંભારી આવે છે.
મારી માની તે માટલી, લાવે છે.
તેને ફૂલોથી, શણગારે છે.....ઢોલ.
ગામ ગામના, માળીડા આવે છે.
ભાત ભાતનાં ફૂલડાં, લાવે છે.
મારી માને, તે તો ચઢાવે છે.....ઢોલ.
ગામ ગામનાં, ભક્તો આવે છે.
ચાચર ચોકમાં, ભેગા થાયે છે.
મારી માના તે, ગરબા ગાવે છે.......ઢોલ.
દાસ દુર્લભ, ગરબા ગવડાવે છે.
તે તો અલખની, ધૂન જગાવે છે.
સૌ માના, આશીર્વાદ પામે છે.........ઢોલ.

# સમજાવે વાત

વહેલા ઊઠીને, પ્રભુ ભજન તું કરજે,
ભજન કરી કરી, ભક્તિનું ભાથું ભરજે રે,
હાં રે ! તું તો પડતો નહિ (૨) પારકી પંચાતમાં રે,
એવી સમજાવે મા - પ્રભુ તને વાત............એવી.
ઠોકરો વાગે પણ, વૈભવના વિસારતો,
છાતી ફુલાવીને ડંફાસ ઘણી મારતો
હાં રે ! તું તો ફોગટમાં બેસી ફુલાય છે રે.......એવી.
અહંકાર કરી તું તો, વાદળની જેમ ગાજતો,
વીજળીની જેમ ખોટાં, ઝબકારા મારતો,
હાં રે તું તો માયાના, મોહમાં ફસાઈ છે રે......એવી.
ખરી ખોટી વાતો કરી, સમય ગુમાવતો,
પાસે આવી જમ બેઠો,તોએ નથી જાગતો,
હાં રે ! તારી એકે એક,પળ જાય છે લાખની...એવી.
પાપ તારું ઢાંકવા, જુઠાણું ચલાવતો,
ભક્તિનો ડોળ કરી, પાયે પ્રભુને લાગતો,
હાં રે ! તું તો ભવસાગરમાં, ભટકાય છે રે..એવી
દુર્લભ સમજાવે પણ, વાત ભૂલી જાય છે,
આવ્યો અંધાપો પણ, આંખ નથી ખોલતો,
હાં રે ! તું તો જન્મો, જન્મથી અટવાય છે રે.એવી

# કાળનું ચક્કર

તને સંતો સમજાવે સાનમાં રે,
તું તો લેતો નથી, કેમ ધ્યાનમાં રે,
હા' રે..તું તો, ભજી લે ભગવાન....તને
ગુરુ મંત્રને, તું હૈયામાં ઘૂંટજે રે,
ગીતા સમજાવે તે, હૈયે ઉતારજે રે,
હા' રે..તું તો, ડરતો નહિ, લોક લાજથી રે...તને
સદાચારનાં વ્રતને, નહિ તોડતો રે,
શ્રધ્ધાનો સથવારો, નહિ છોડતો રે,
હા' રે..તું તો ધ્યેયની ધગશ, દિલમાં રાખજે.. તને
મંગલકારી વાત મા પ્રભુની માનજે રે,
તું તો રટણ કરી લેજે રામનું રે,
હા' રે..દુર્લભ કહે, ચેતીને ચાલ,ચક્કર ફરે છે કાળનું રે...તને

# પ્રેમનું સંગીત

મા મને લાગ્યો છે તારો નેડો,
મેં પકડયો તારો છેડો,
હવે તે નહિ છોડું રે નહિ છોડું......૧
મા મારું જીવન રહ્યું છે થોડું,
નિશદિન તારામાં મન જોડું,
મા !! તને નહિ છોડું રે નહિ છોડું...૨
મા !! મને લાગી છે તારી પ્રીત,
મને શીખવી દે પ્રેમનું સંગીત,
જેથી ગાઉં મધુરાં ગીત..(૨).......૩
મા !! મને લાગ્યું છે તારું ઘેલું,
હું તો નામ જપું તારું પહેલું,
મા !! તને નહિ મેલું રે નહિ મેલું...૪
મા !! દુર્લભને લાગી છે તારી શીખ,
મા !! તમે રહેજો મારી નજીક,
જેથી મા ! તારી સેવા કરું અધિક...૫

# સાધકને

## રાગ :- પ્રભાતિયા - હરિગીત

સાધક તું તો શરણું લેજે,
ગુરુની સેવા કરજે રે
ભવસાગર તો તરવા માટે,
શરણું ગુરુનું લેજે રે....સાધક
મજલ છે તારી વિશ્રામ વગરની,
દૂર સુદૂર જાવું પડશે રે,
આત્માનું કલ્યાણ કરવા માટે,
શરણું ગુરુનું લેજે રે....સાધક.
અટપટો ને અજાણો છે. રસ્તો,
કેમ કરીને ત્યાં જાવું રે,
હોંશ અને હિંમત રાખીને,
શરણું ગુરુનું લેજે રે....સાધક.
વળાંકો અવનવા આવશે તારે,
ત્યાં તું થંભી જાતો ના,
ધીરજ ને હિંમત રાખીને,
શરણું ગુરુનું લેજે રે....સાધક.
કેડી ને કંદરા કારમી આવશે,
પણ તેથી તું તો ડરતો ના,
દુર્લભ કહે તું તો દ્રઢતા રાખી,
શરણું ગુરુનું લેજે રે....સાધક.

# વૈકુંઠ પામશે

રાગ :- મને કૃષ્ણ જોયાના કોડ

માના દર્શન કરવાનાં મને કોડ,
સૈયર ચાલોની (૨)
ધીમે ધીમે ડગલાં ભરીને,
માની મઢુલીએ હું જાઉં,
માના દર્શને પામવાને (૨)
તલસાટ અનેરો થાય,...સૈયર .... ૧
શેરીએ શેરીએ હું શોધી રહી પણ,
મને માની મઢુલી ન દેખાય,
માના દર્શન પામવાને,
મારું મનડું ઘણું હરખાય...સૈયર ....૨
ગોકુળિયા ગામમાં ઊતરીને,
હું શોધું માનું ધામ,
જે કોઈ મને તે બતાવશે,
તેનો ભૂલું નહિ અહેસાન...સૈયર ...૩
પૂજન કરશે ને માનાં દર્શન પામશે,
તેનો ધન્ય થશે અવતાર.
તે સૌ વૈકુંઠ પામશે,
એમ..કહે, દુર્લભ દાસ...સૈયર..... ૪

# તૂટે નહિ તાર

ગુરુજી મેં તો અતિશય કર્યો અપરાધ,
અતિશય કર્યો અપરાધ, ગુરુજી મેં તો (૨)
મારો કરજો, ગુનો માફ....ગુરુજી.
બાળપણું મેં, રમતમાં ખોયું ને,
જીવનનું રાખ્યું, નહિ ધ્યાન,
તેમાં મારું (૨) જીવન થઈ ગયું બરબાદ..ગુરુજી.
જુવાનીમાં કોઈનું કહ્યું ન કીધું ને,
મને આવ્યો ઘણો અહંકાર,
મેં તો રાખી નહિ (૨) જીવનની દરકાર...ગુરુજી.
ઘડપણમાં મેં ગોવિંદ, ભજ્યા નહિ ને,
મેં તો ખાધો છે., જીવનમાં ઘણો માર,
દાસ દુર્લભ કહે (૨) મારો તૂટે નહિ તાર..ગુરુજી.

# વંદન હજારો વાર

રાગ :- વંદન હજારો વાર મારા ગુરુજી મારાં

વંદન હજારો વાર, માવડી મારાં
વંદન હજારો વાર
માવડી મારાં વંદન હજારો વાર (૨)
બારણે આવ્યો બાળ તમારો (૨)
પ્રેમથી તમે લેજો ઉગારી
મને ઉતારોની ભવ પાર...માવડી મારાં ........૧
ભોળો ભોળો બાળ તમારો (૨)
થાકીને આવ્યો છે દ્વાર તમારે
મને કરશો નહિ, નિરાશ...માવડી મારાં .......૨
ભૂલે ભરેલો, બાળ તમારો (૨)
દુઃખીયારાનાં દુઃખો નિવારો
નિશદિન રાખો તમારી સંગાત..માવડી મારાં ...૩
દાસાનું દાસ હું છું તમારો (૨)
દયા કરીને મારું દુઃખ નિવારો
દાસ દુર્લભની અરજી સ્વીકારો...માવડી મારાં ..૪

# ઝળકતું જીવન

રાગ :- દેખ બિચારી બકરીનો - પ્રભાતિયાનો

માતપિતાની સેવા કાજે
આશીર્વાદ તેના લેજે રે
અગણિત કર્યા ઉપકારો એણે
તે તું ભૂલી જાતો નહિ....૧
ધન ખરચતાં બધું મળશે પણ
માતપિતા તને મળશે નહિ,
જાણે અજાણે ભૂલ ન કરતો
આજ્ઞાનું પાલન કરજે રે...૨
ગુરુ કહે તે પ્રમાણે કરજે
ભક્તિનું ભાથું ભરજે રે
તેની શિખામણ હૈયે રાખી
દઢતાથી ડગલાં ભરજે રે...૩
સંસાર સાગર તરવા માટે
ગુરુનું શરણું લેજે રે,
નિશદિન પ્રભુનું ભજન કરીને,
ભવજળ પાર ઊતરજે રે....૪
દુર્લભ કહે જીવન તારું
ઝળકતું રહેશે
ઝાંખું જોજે કરતો ના
ઝાંખું જો જે કરતો ના...૫

# વિરહની વેદના

રાગ :- આવો આવો કનૈયા આવો

આવો, આવો, મૈયા (૨) આવો,
પાવન કરવા, પાવન કરવા....આવો.
મૈયા ઘેલો બન્યો છું તારા પ્રેમમાં
મારું હૈયું નથી મારા હાથમાં (૨)
મૈયા આવો તમે (૨) કહું છું ફરી ફરી (૨) આવો
મૈયા તારાં પ્રેમે તો, કામણ કીધાં (૨)
સૌ ભક્તોનાં મન હરી લીધાં,
દર્શન આપો માડી (૨) કહું છું ફરી ફરી (૨) આવો
મૈયા વિદેશથી વહેલા આવો,
મારી વિરહની વેદના નિવારો (૨)
દુર્લભ કહે ફરી ફરી, આવો આવો મૈયા,
પાવન કરવા, પાવન કરવા (૨)
રહી જશે....આવો.

# દર્શનની ઝંખના

રાગ :-જીવડા જપી લે જુગધાર

એક વાર મૈયા મારી, મઢુલીએ આવજો
મનડું મળવાને મુંઝાય, મારી મઢુલીએ આવજો ...૧
વિરહની વેદના, હવે સહેવાય ના,
દર્શનની ઝંખનાને, દિલમાં રોકાય ના (૨)
મારું અંતર તો ઉભરાય, મારી મઢુલીએ આવજો ..૨
નૈનો ઝંખે છે તમને નીરખવા,
ઉરમાં છે આશ મારી, દર્શન કરવા, (૨)
મારાં, તનડાં ને તૃપ્તિ થાય,મારી મઢુલીએ આવજો...૩
હૈયું અહર્નિશ, તમારાં દર્શન ઝંખતું,
હૃદય દુર્લભ !! એક તમને પોકારતું (૨)
મનડું મારું મુંઝાય, મારી મઢુલીએ આવજો ......૪

# કુદરત

રાગ :- વાગે છે, વાગે છે, વનરાવન મોરલી વાગે છે.

કુદરત તારી કરામત ન્યારી છે. (૨)
એ તો સૌને પ્રેરણા પાનારી છે....કુદરત
ચંદ્રના તેજમાં ને વાદળની વીજમાં,
તારલાના તેજમાં, તું વિરાજે છે...કુદરત
ફુલોની ફોરમમાં ને, ભ્રમરનાં ગુંજનમાં,
મધમાખીનાં મધમાં,મઝા માણાવે છે..કુદરત
કોયલના ટહુકારમાં ને, મોરનાં મલારમાં,
ચાતકના તલસાટમાં, તું તો ભાસે છે...કુદરત
સાગરના ઘુઘવાટમાં ને, પવનની પાંખમાં,
સરિતાના કલરવમાં, કરામત તારી છે...કુદરત
પંખીની પાંખમાં ને, પ્રાણીની આંખમાં,
સૂર્યના તાપમાં તું તો, તપાવે છે...કુદરત
વનની વનરાજીને, વૃક્ષોના પાનમાં,
ધરતીના ધાનમાં, દુર્લભને દર્શન થાયે છે...કુદરત

# ધર્મનો તાજ

રાગ :- ધોળ

મૈયા રે, મારાં સર્વેશ્વરી વહાલાં,
કરું હું તમોને, કાલા રે વાલા,
મારા મનમંદિરે, વિરાજો તો,
પ્રેમથી તમોને પ્રણમીએ રે (૨)..મૈયા...૧

ભીખી રે મૈયા એ, તમને ખોળે રે લીધાં
ભણાવી ગણાવીને, સંસ્કારો સીંચ્યા (૨)
પૂ. યોગેશ્વરને ખોળે, તમને સોંપી દીધા તો..પ્રેમથી...૨

યોગેશ્વરે વિશ્વમાં, વિચરણ કરાવ્યું.
વિચરણ કરાવીને, ઘોર તપશ્ચર્યા કરાવી, (૨)
દુર્લભ કહે ધર્મનો તાજ
માને પહેરાવી દીધો તો (૨) પ્રેમથી...૩

# જીવન ઉગારજો

( રાગ : હરિગીત..છંદ )

**અંબામાત,** મારાં આવજો, મમ આંગણે,
પૂજા કરું પૂરણ પ્રેમથી, આશિષ અમને આપજો.

**ઈશ્વરી છો** મા તમે, ઈશ્વરને અંતરેથી ઓળખ્યા,
ગુરુ યોગેશ્વરનાં આશિષથી, ઈશના દર્શન પામ્યા.

**ઉષેશ્વરી** મા રંગો તમોએ, ઉષાના હૃદયે રેલાવ્યા,
સપ્તરંગી સપ્તશૃંગી, માતા બનીને આવ્યાં.

**કપુરેશ્વરી** મા કરુણા કરો, કહ્યું અમારું માનજો,
દાસ ઉપર દયા કરીને, દુઃખો અમારાં ટાળજો.

**ખલકેશ્વરી** મા ખોટું કરું હું તો, ખરે  રસ્તે વાળજો,
આંધી આવે મમ જીવનમાં, તેને તમે મા ખાળજો.

**ગંગેશ્વરી** ગોદાવરી મા ના, પાણી પવિત્ર મા આપજો,
નિર્મળ જળમાં નાવણ કરાવી, કુબુધ્ધિ અમારી કાપજો.

**ઘરેશ્વરી** મા તમારા ઘરમાં, તમે તો ના રહ્યા,
કલ્યાણ કરવા આત્માનું, સર્વે છોડી નીકળ્યા.

**ચરણેશ્વરી** ના ચરણ કમળમાં, મારું મસ્તક નમાવું છું,
પાયે પડીને વિનવું, આશિષ તેનાં માગું છું.

**છત્રેશ્વરીના** છત્ર છાંયે, શ્યામ સુંદર ભજાવજો,
મા ગંગાના પવિત્ર જળમાં, નિત્ય નાવણ કરાવજો.

**જમનેશ્વરી** મા ગંગેશ્વરીના સંગમ પવિત્રમાં નવડાવજો.
મા, સર્વેશ્વરીના સુમિલનથી, ત્રિવેણી તીર્થ કરાવજો.

**ઝાડેશ્વરી** મા ઝાઝું શું તમને કહું ?
સમજુને શાણાં બની, ભક્તોના હૃદયે રહો.

**કાળીકા** મા તિમિર ટાળી, ઓજસ અનેરું આપજો,
કાપજો પાપ મારાં, બંદિએથી છોડાવજો.

**ઠામેશ્વરી** મા ઠારજો, મમ જીવનમાં ઠોકરો ખાધી ઘણી,
ભક્ત તમારો જાણીને, માં જુઓ તમે મારા ભણી !!

**ડગલેશ્વરી** મા, ડગલું ભર્યું તે ના હઠું એવી હિંમત આપજો,
ક્રમે ક્રમે આગળ વધારી, તમારામાં સમાવજો.

**તારકેશ્વરી** મા, તારા તનુજને, તીર્થ યાત્રા કરાવજે,
તારી કૃપાથી મારાં તનમાં, નવચેતન વહાવજે.

**થાનેશ્વરી** માત મારાં, થડ તમારું છોડું નહિ,
આંધી અનેરી આવશે પણ, ડગલું પાછું ના ભરું.

**દયેશ્વરી** મા દયા કરો, વારંવાર શું તમને કહું ?
મા ચરણ કમળમાં રાખજો, સેવા તમારી નિત કરું !

**ધરમેશ્વરી** મા અમારી, ગુરુદેવ એનું રક્ષણ કરે,
દુઃખના ડુંગરો તૂટી પડે પણ, વ્રતો એના ના ફરે.

**નગરેશ્વરી** મા તને, નગરે નગરે નિરખી શકું,
નજરે નિહાળી મા તને, બીજાને તેમ હું કહી શકું.

**પરમેશ્વરી** મા પૂજા કરું, ભાવ ભક્તિ ભાવથી',
પતિતને પાવન કરી, ઉતારજો ભવ પાર.

**ફત્તેહશ્વરી** મા ફોરમો ફેલાવી, ફેલાવી સારા વિશ્વમાં,
મુજને તમ ભૂલશો નહિ, દોરજો તમ ધામમાં.

**બકુલેશ્વરી** માત તમે બંદીએથી, મને છોડાવજો,
નિજ બાળને ભૂલી ન જાતાં, ચરણકમળમાં રાખજો.

**ભૂલેશ્વરી** મા ભાવ ભરજો, ભક્તિ તમારી ભૂલાય ના,
આશીર્વાદ એવા આપજો, જીવન મારું કરમાય ના.

**મંગલકારી** મા અમારાં, મંગલ અમારું માણજો,
બુધ્ધિ મંગલ અર્પીને, કાર્યો મંગલ કરાવજો.

**યજ્ઞેશ્વરી** છો માત મારાં, જ્ઞાન ધ્યાન કરાવજો,
બૂરું બોલાયના કોઈનું, એવી સદ્‌બુધ્ધિ આપજો.

**રસેશ્વરી** છો માત મારાં, રક્ષણ અમારું રાખજો,
દુઃખડાં અમારાં કાપજો, એવી દયા દિલમાં રાખજો.

**લક્ષ્મીમા** લક્ષ રાખી, લાખો વંદન સ્વીકારજો,
છૂટા અમે પડીએ નહિ, ચરણ કમળમાં રાખજો.

**વંદેશ્વરી** વંદન કરું મા, પ્રેમથી સ્વીકારજો,
છૂટા ના રહીએ તમ થકી, ચરણ કમળમાં રાખજો.

**સર્વેશ્વરી** માત મારાં વિખ્યાત વિશ્વમાં થયાં,
ગુરુ યોગેશ્વરના યોગથી, સિધ્ધેશ્વરી માતા તો થયાં.

**શપ્તશૃંગી** માતા તમે, સાજો સજ્યા સિધ્ધિ તણા

ગુરુ યોગેશ્વરની કૃપા થકી, એમાં રહી નથી મણાં.

**હરિશ્વરી** મા શરણું સ્વીકાર્યું હેતે હરિના નામનું,
હોંશ અને ઉમંગ ધરી, પહોંચ્યા હરિના ધામમાં.

**ક્ષમેશ્વરી** મા અપરાધો અમારા ઘણા તો થયા,
ક્ષમા અમને આપજો તમને ભૂલી નથી ગયાં.

**જ્ઞાનેશ્વરી** મા કૃપા કરીને, અજ્ઞાન અમારું ટાળજો,
આશીર્વાદ ને જ્ઞાન આપી, જીવન મારું ઉગારજો.

# બંધન જાશે

રાગ :- પ્રભાતિયા-દેખ બિચારી બકરીનો..

મંગલ બોલો, મંગલ વર્તો,
મંગલ કરશે, તારું રામ,
જે થાશે તે, મંગલ થાશે,
એવી ધરજે, હૈયે હામ...મંગલ......૧

આંખેથી તો તું, મંગલ જોજે,
કાનેથી મંગલ, સાંભળજે રે,
મુખેથી તું તો, મંગલ બોલીને,
વર્તન કરજે, અંતર ખોલીને..મંગલ...૨

'હું' નો પડદો, હઠાવીને જોશે
તો મંગલ મૂર્તિ તને દેખાશે,
ભાવ થકી દુર્લભ, દર્શન કરશે તો,
જુગ જૂનાં બંધન જાશે...મંગલ.......૩

# વડલો

રાગ :- -દેખ બિચારી બકરીનો..

યોગેશ્વર વડલાની છાયે,
“ મા ” એ શીતળ છાયા લીધી રે.
જન્મો જન્મનાં બંધન કાપી,
પ્રભુની પ્યાલી તેણે પીધી રે..યોગેશ્વર..૧

તે વડલાની શીતળ છાંયાએ,
વિસામો તું તો લેજે રે.
જીવનભરનો થાક ઉતારી,
શાંતિ સદા મેળવજે રે...યોગેશ્વર......૨

ગુરુ વચનનું પાલન કરજે,
હૈયે હોંશને ઉમંગ ધરજે રે.
જીવન તારું ઉજ્જવળ થાશે,
દૃઢતાથી ડગલાં ભરજે રે...યોગેશ્વર...૩

નિત નિત વડલાની છાંયે બેસીને,
તું ભક્તિનું ભાથુ ભરજે રે.
દાસ દુર્લભ કહે કર જોડી,
તારા ભવના ફેરા ટળશે રે..યોગેશ્વર..૪

# નિત જાગું

## રાગ :- કૃપાનું કિરણ બસ એક માગું છું.

નિત જાગું છું, નિત જાગું છું,
પ્રભુ !! તારાં દર્શન મારે, રોજ જાગું છું
પ્રભુ !! તારાં ભજન માટે, રોજ જાગું છું...નિત-૧

અસત્યનો અંધકાર, વ્યાપી તો ગયો,
અહંકારનો અગ્નિ, પ્રજળી તો રહ્યો,
કેમ કરવું ? શું રે કરવું ? ક્યાં રે જાઉં હું...નિત-૨

શોધી રહ્યો પણ, તું દેખાતો નથી,
પોકારો પાડું પણ, સાંભળતો નથી,
વારંવાર વિનવું તોએ, વરતાતો નથી.....નિત-૩

પાસે રહે પણ, સાંભળતો નથી,
પાસે બોલાવું તો, તું આવતો નથી,
દર્શન સિવાય, દુર્લભ કંઈ માગતો નથી...નિત-૪

# મારાં નાવિક

## રાગ :- હે કરુણાનાં કરનારા..

માવતર ! તમે પ્રેરણાના પાનાર,
તારી પ્રેરણાનો  કંઈ પાર નથી.
માવતર ! મુજને તારો છે આધાર...તારી-૧
માવતર ! મેં પાપ કર્યાં છે એવાં,
મેં કરી નથી તમારી સેવા,
માવતર ! તમો ભૂલોના ભૂલનારા...તારી-૨
માવતર ! હું અંતરમાં થઈ રાજી,
હું તો ખેલ્યો છું અવળી બાજી,
તમે અવળી ને સવળી કરનારા.....તારી-૩
માવતર ! હું છોરું કછોરું થાઉં,
તમે તો મારાં માવતર કહેવાય,
મને શીતળ છાંયાના દેનારા.........તારી-૪
માવતર ! મને દેખાતો નથી કિનારો,
મારો ક્યાંથી થાય છૂટકારો,
તમે મારાં નાવિક તો બનનારા......તારી-૫
માવતર ! હું જીવનથી ગયો છું ત્રાસી,
તારા ચરણે મારું જીવન દીધું છે ઢાળી,
દુર્લભના દિલે તમે છો રમનારા......તારી-૬

# બાજી જીતાડી

રહેતો રહેતો, સદાય રહેતો,
મારાં મન મંદિરીયામાં રહેતો રે,
રહેતો પણ નહિ દર્શન દેતો,
છૂપા સંદેશા દેતો રે...રહેતો
દેતો દેતો સદાય દેતો,
છૂપી ચેતવણી દેતો રે,
મન મારું માને નહિ પણ,
લાલચમાં ! લપટાતો રે !...રહેતો
લાલચમાં લપટાતો હું ને,
મારું ધારેલું કરતો રે,
પાછો હું તેમાં નહિ પડતો,
સમજીને ઘણો પસ્તાતો રે...રહેતો.
પસતાવો કરી કરી થાક્યો ત્યારે,
દુર્લભ પંથ પ્રભુનો ઝાલ્યો રે,
ગુરુ !!! યોગેશ્વરનાં યોગે કરીને,
મા !! સર્વેશ્વરીએ બાજી જીતાડી રે...રહેતો

# અવતાર એળે ગયો
### રાગ :- હરિગીત

અવનીમાં અવતાર લીધો ને,
અવળે રસ્તે હું વળી ગયો,
આપેલા કોલને ભૂલી ગયોને,
સંસાર સાગરમાં ડૂબી ગયો.
જીવન જીવ્યો ને ના જીવ્યો હું,
અવતાર મારો એળે ગયો.
ભવો ભવથી ભટકી ભટકીને,
ભૂદરને ભજવાનું ભૂલી ગયો.
પાણી પહેલાં પાળ ન બાંધી,
પૂરેપૂરો હું તો પસ્તાયો,
જીવન જીવ્યો ને ના જીવ્યો હું,
અવતાર મારો એળે ગયો.
જોબનિયું મારું ચાલ્યું ગયું ને,
ઘડપણ આવ્યું દોડી રે.
કાયા મારી કંપવા લાગી,
તેડું કિરતારનું આવ્યું રે.
જીવન જીવ્યો ને ના જીવ્યો હું,
અવતાર દુર્લભ એળે ગયો.

# હું, મેં, ને મારું

રાગ :- નાક મારું નાનું તોયે સૂંઘે ફૂલ મજાનું.

હું મેં ને મારું
એ તો જીવનમાં છે ઠગારું,
મારાં ભાઈબહેનો ભક્તિથી મુક્તિ થાય છે.
હું માં મરાયો રાવણ,
જીવવા ખોટી કરી મથામણ...મારાં
હું માં દુર્યોધન પછડાયો,
શ્રી કૃષ્ણ થકી ઘવાયો...મારાં
મારાંમાં કાશ્યપ હણાયો,
એ તો નહોર થકી ચિરાયો...મારાં
હું મેં ને મારું
એને મારી દોને તાળું
દુર્લભના ભાઈ બહેનો, ભક્તિથી મુક્તિ થાય છે..મારાં

# યુગાવતાર

ઉત્તરમાં અવતાર ઘર્યો ને,
ગૌતમ બુધ્ધ તમે કહેવાયા,
રાજપાટ ગૃહનો ત્યાગ કરીને,
વનની વાટે તમે સિધાવ્યા....૧
પૂર્વમાં અવતાર ઘર્યો ને,
રામકૃષ્ણ દેવ તમે નામ ઘર્યું.
શારદા માને સાથે લઈને,
તમે આત્માનું કલ્યાણ કર્યું...૨
દક્ષિણમાં અવતાર લીધો ને,
જ્ઞાનેશ્વરજી તમે કહેવાયા,
જ્ઞાનેશ્વરી ગીતા રચીને,
જ્ઞાનનાં પ્યાલાં તમે પીવડાવ્યાં...૩
પશ્ચિમમાં પ્રગટ થયા તમે,
યોગેશ્વરજી તમે કહેવાયા,
સર્વેશ્વરી માને સાથે લઈને,
પ્રેમના પ્યાલાં તમે પીવડાવ્યા...૪

# ભક્તોને

ગાદીએ દીપ કરે
દિલમાં દગા ફટકા રમે...હરિ, ૐ, હરિ, હરિ,
અગરબત્તી ધૂપ કરે
કાળજે કાતર ફરે........હરિ, ૐ, હરિ, હરિ,
હાથમાં માળા ફરે
ચિત્ત ચારે બાજુ ફરે......હરિ, ૐ, હરિ, હરિ,
વખત મને ન મળે
નિંદ કરી ખાડા પૂરે......હરિ, ૐ, હરિ, હરિ,
પારકી પંચાત કરે
પગ તળે લંકા બળે......હરિ, ૐ, હરિ, હરિ,
ગંગામાં ગધેડો ન્હાય
છતાં તે આળોટે ભાઈ....હરિ, ૐ, હરિ, હરિ.
પારકી પંચાત છોડી દે
પ્રભુમાં મન જોડી દે.....હરિ,.ૐ, હરિ, હરિ.
ગુરુ ઉપર શ્રધ્ધા રાખો
પાણી પહેલાં પાળ બાંધો.હરિ, ૐ, હરિ, હરિ.
ચઢાવો ભક્તિનો રંગ
હૈયામાં રાખી ઉમંગ.....હરિ, ૐ, હરિ, હરિ.
પ્રભુમાં મન જોડી દે
દેહનાં બંધન તોડી દે....હરિ, ૐ, હરિ, હરિ.
ત્યાગે તે તો તરી જાય
ભવના ફેરા મટી જાય.....હરિ, ૐ, હરિ, હરિ.

# ભક્તિ મસાલો

રાગ :- મારાં મંદિરે આવો મારા વ્હાલા

યોગેશ્વર મા એ, ભક્તિ મસાલો
ઘણાંક ભક્તોને, આપીઓ રે...યોગેશ્વર............૧
આપીઓ તો આપીઓ, એટલો તો આપીઓ,
સર્વે મા એ તો તેને, ફાકયો રે...યોગેશ્વર............૨
ફાક્યો તો ફાક્યો, એટલો તો ફાક્યો
આખા તે ડિલ પર, મા એ નાખ્યો રે..યોગેશ્વર.......૩
ડિલ પર નાંખ્યો ને, બીજા ભક્તોને આપીઓ,
ભાંઈ બેન બાળકને, વહેંચી આપ્યો રે...યોગેશ્વર......૪
ભારતમાં નહીં પણ, આખી દુનિયામાં,
ભક્તિ મસાલો માએ, વહેંચી આપ્યાં રે..યોગેશ્વર......૫
જેણે જેણે ચાખ્યો, તેના જીવનમાં વ્યાપ્યો
સફાળો થઈને ઉંઘમાંથી, તે તો જાગીઓ રે..યોગેશ્વર....૬
માનો ભક્તિ મસાલો, દાસ દુર્લભને આપીઓ રે,
ચાખ્યો ને સફાળો જાગ્યો, ભક્તિ રસ તો લાગીઓ રે.યોગેશ્વર..૭

# સદાય દેતો

## રાગ :- ગિરિ તળેટીને કુંડ દામોદર

દેતો દેતો. પ્રભુ સદાય દેતો,
દેતો પણ કંઈ નહિ લેતો રે
ભક્તોને જ્યારે ભીડ પડે ત્યારે
સામે આવી ઊભો રહેતો રે...દેતો-૧
પ્રીતિ દેતો નીતિ દેતો,
કોઈને નહિ કહેતો રે,
વિવેક ને વળી વૈભવ દેતો,
સદાય દેતો દેતો રે...........દેતો-૨
સંસાર સાગર, તરવાનું કહેતો,
ભક્તિ કરવાનું કહેતો રે
દિશા ને વળી દષ્ટિ દેતો,
ભક્તોને દર્શન દેતો રે.......દેતો-૩
શક્તિ દેતો ભક્તિ દેતો
દેતો દેતો ને દેતો રે,
દાન કરવાનું એ તો કહેતો,
લેવાનું નહિ, લેતો રે........દેતો-૪
કહેવાનું હોય, તેને કહેતો,
દુર્લભ વાત, નહિ કહેતો રે,
દેવાનું હોય તેને દેતો,
મસ્ત થઈને, દેતો રે.........દેતો-૫

# જીવન ધન્ય
## રાગ :- પરોઢિયે પંખી જાગીને...

મંગલકારી પ્રભુ સ્મરણ છે,
　　તે તું નથી જપતો રે.
અવળે રસ્તે વળી જઈને
　　ન કરવાનું કરતો રે.............મંગલકારી-૧
કામ ક્રોધ, મોહ મમતાને,
　　વૈભવ માની નથી જપતો રે.
પ્રભુની શરણું તું નથી લેતો,
　　આત્માનું કલ્યાણ નથી કરતો રે...મંગલકારી-૨
સૂર્ય ચંદ્રનો પ્રકાશ છોડીને,
　　પડછાયો પકડી રાખ્યો રે.
તરસ તારી ક્યાંથી છીપાશે,
　　મૃગજળ પાછળ દોડયો રે........મંગલકારી-૩
પ્રભુ સાથે પ્રેમ કરીને,
　　જીવન ધન્ય બનાવો રે.
પ્રભુ સ્મરણમાં મન પરોવી,
　　દુર્લભ સુખને પામો રે............મંગલકારી-૪

# દીવડો

## રાગ :- ગરબાગીત

હસતો રમતો જાય, મા-પ્રભુનો દીવડો જલતો જાય,
જલતો જલતો જાય, મા પ્રભુનો દીવડો જલતો જાય.
ગગન ગોખે યોગેશ્વરજી બેઠા (૨)
''મા'' ને સંદેશા દેતા જાય.........મા પ્રભુનો-૧
દેશમાં ફરતો ને વિદેશમાં ફરતો, (૨)
ભક્તોને પ્રેરણા પાતો જાય..........મા પ્રભુનો-૨
ઘુમતો ઘુમતો મા- પ્રભુનો દીવડો, (૨)
ભક્તોના હૃદય અજવાળતો જાય.....મા પ્રભુનો-૩
ફરતો ફરતો - મા - પ્રભુનો દીવડો, (૨)
ભક્તોને દર્શન દેતો જાય...........મા પ્રભુનો-૪
મા - પ્રભુએ અનેક દીવડા પ્રગટાવ્યા,(૨)
તે તો સૌ ઝગમગ ઝગમગ થાય......મા પ્રભુનો-૫
દીવડો તો દુનિયામાં હરતો ફરતો, (૨)
આશિષ દુર્લભ દેતો જાય...........મા પ્રભુનો-૬

# તેને તજીએ

## રાગ :- દેખ બિચારી બકરીનો

અવનીમાં અવતાર ધર્યો ને,
અવળે રસ્તે તું વળી ગયો.
આપેલા કોલને ભુલી જઈને.
વચનનું પાલન નથી કરતો રે..અવનીમાં-૧
કામમાં તું તો અંધ બનીને,
ભમરાની જેમ ભટકાતો રે.
ન કરવાનાં કર્મો કરીને,
લિલામ ઈજ્જતનું કરતો રે....અવનીમાં-૨
જેના તેનાં પર ક્રોધ કરીને,
ન બકવાનું બકતો રે,
બકી બકીને બહાવરો થાતો,
પણ તેમાં, કંઈ નહિ વળતું રે..અવનીમાં-૩
લોભ લાલચમાં, લપટાયો તું ને,
લક્ષ્મી મેળવવાં મથતો રે,
સાચાં જૂઠાં કરી કરીને,
લાલચમાં લપટતો રે..........અવનીમાં-૪
ષટ્રિપુને છેદી દઈને,
ગુરુ વચને તેને તજીએ રે.
દાસ દુર્લભ કહે કર જોડી;
પાવન પ્રભુને ભજીએ રે.............અવનીમાં-૫

# ગોડી - ૧

ઐસી હી બની આઈ, અબ મેરે, ઐસે હી બની આઈ.
કોઈ એક નિંદે, કોઈ એક વંદે, છાઁડી લોક બડાઈ..અબ મેરે.ટેક
કુલસે નિક્સ, ભયે જબ ગુનકા, બ્હોળું કુલ ન સમાઈ.
કેસરી કોટ પડે જો લંઘન, ભૂખે ઘાસ ન ખાઈ...૧
ભવસાગર તરને કે કારણ, નામકી નાવ બનાઈ.
રામ કહ્યા સો પાર ઊતર ગયે, ડૂબી લોક બડાઈ...૨
પડ ગઈ છાપ ભક્ત ભયે નિર્ભય, ઉર અંતર લપટાઈ.
દાસ કબીર ડગે નહીં કબ હુઁ, સાચી અચલ સગાઈ...૩

# ગોડી - ૨

રમી રહ્યો ભરપૂર, રંગીલો, રમી રહ્યો ભરપૂર.
શુધ્ધ વિચાર કરો મેરે સંતો, હૈ નિયરે નહીં દૂર..ટેક..
વેદ પુરાણ ભાગવત ગીતા, વામે લખ્યો હૈ હજૂર
તાંહી છોડ નર ચૌદિશ ધાવે, સમજત નહીં નરમૂઢ...૧
આતમ એક અખંડ અનુપમ, વાજત અનહદ તૂર
નિત્ય પ્રકાશ નિરંતર નિર્મલ, જ્યો સરિતા કો પૂર....૨
તેરા સાહેબ હૈ તુજ માંહી, ઊઠત શબ્દકી ઘોર
સત્‌ગુરુ મિલે સત્ શબ્દ બતાયો, નિત નિત બરસત નૂર..૩
આપ જગતકો રૂપ બન્યો હૈ, આપ જગતકો મૂલ
કહે કબીર સો હી જન જાને, જ્ઞાન ઉદય ભયે સુર.......૪

# આરતી - ૧

આરતી કીજે રાજા રામચંદ્ર રીઝે,

ભક્તિ કરો તો જમકો જવાબ દીજે..ટેક

પહલી આરતી પુષ્પકી માલા,

કાલિ નાગ નાથી લાયે કૃષ્ણ ગોવાળા.૧

દુસરી આરતી દેવકીનંદન,

ભક્ત ઉધ્ધારણ કંસ નિકંદન........૨

તીસરી આરતી ત્રિભુવન મોહે,

રત્નસિંહાસન રઘુવર રામજી કો શોહે...૩

ચૌથી આરતી ચૌદિશ પૂજા,

દેવ નિરંજન સ્વામી ઔર ન દૂજા......૪

પાંચમી આરતી રામજીકો ભાવે,

રામજીકો હરિ જશ નામદેવજી ગાયે....૫

# આરતી - ૨

જૈ જૈ આરતી રામજી તુમ્હારી
દીન દયાલ ભક્ત હેતકારી..ટેક
જનહિત પ્રગટે હરિ પધારે,
જન પ્રહ્‌લાદ પ્રતિજ્ઞા પાલે...૧
દ્રુપદ સુતા કે ચીર બઢાવે,
ગજ કે કારણ પાદે ધાયે....૨
દશ શીશ છેદ વીસ ભુજ તોડ,
સુર તેત્રીશ કે બંધન છોડે.....૩
રાવણ જીત રામ ઘર આયે,
રામાનંદ સ્વામી હરિગુણ ગાયે..૪

# આરતી - ૩

સંધ્યા આરતી રામજી તુમ્હારી,

અનહદ ધુની ગુરુ જ્ઞાન બડાઈ..ટેક..

તનકો તેલ, દયા કરો દીપક,

બ્રહ્મ અગમ મન પાવન સમીપ..સંધ્યા.૧

પાંચો બાતી નિર્મલ જ્યોતિ,

સુરત ચમર લે આઈ ....સંધ્યા.......૨

પ્રેમકા પુષ્પ ધર્મકા ધ્યાન,

ચિત્ ચંદન ખસે આગે આના..સંધ્યા..૩

અવિગત રૂપ ધર્મ પ્રકાશ,

આરતી ગાયે દાસ કબીરા..સંધ્યા.....૪

# ભજન - ૧

મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે,

મુજને પોતાનો જાણીને, પ્રભુપદ પાળજો રે..મારી

પથ્યા પથ્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઉભરાતું.

મને હશે શું થાતું, નાથ નિહાળજો રે..મારી

અનાદિ વૈદ આપ છો સાચા, કોઈ ઉપાય વિશે નહિ કાચા

દિવસ રહ્યા છે ટાંચા વેળા વાળજો રે...મારી.

વિશ્વેશ્વર શું હજી વિસારો, બાજી હાથ છતાં કાં હારો,

મહામુઝારો મારો, નટવર ટાળજો રે..મારી..

કેશવ હરિ મારું શું થાશે, ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે,

લાજ તમારી જાશે ભૂધર ભાળજો રે...મારી..

# ભજન-૨

અમને અંત સમયે ઉપકારી લેવા આવજો રે,
શ્રીમદ્ સતગુરુ નામ પ્યારું,
પ્રાણ જતાં પણ થાય ન ન્યારું
મનહર મંગળ મૂર્તિનાથ બતાવજો રે..અમને
વિકટ સમય સાચવજો વહાલા,
કહું કોટિ કરી કાલાવાલા
આવી દીનદયાળ દયા દર્શાવજો રે..અમને..
વસમી અંત સમયની વેળા,
વહારે ધાજો વિઠ્ઠલ વહેલા
પ્રણત્ત પાસનું પહેલા પણ પરખાવજો રે..અમને
મરકટ જેવું મન અમારું,
તત્વ તોડે તન તમારું
અંતરનું અજવાળું સદ્ય સમાવજો રે..અમને
દેજો દર્શન જનમન હારી,
પરમકૃપાળુ વિરુદ નિહારી,
રત્નમય બલિહારી બાપ બચાવજો રે..અમને.

# ભજન - ૩

( રાગઃ- દીકરી તો પારકી થાપણ કહેવાય )

કાના રે...દર્શન કરવા નૈનો, મારા તરસ્યા બની જાય
તારા વિના હું કોને લાગુ પાય (૨)
કોને લાગુ પાય, નથી કોઈ ઉપાય..તારા વિના..
જળ વિનાની માછલી જેવું, **તડપન કરું હું તેવું** (૨)
દયાળુ દયા કરજો મુજ પર, **દુઃખ નથી જેવું તેવું** (૨)
કાના રે.તારા વિરહે મારા પ્રાણ ચાલ્યા જાય..તારા વિના..
ચંદ્ર વિનાની રાતડી જેવું, **જીવન છે મારું એવું** (૨)
પૂર્વ જનમના પુણ્ય ફળ્યા છે, **વાળી દેવું છે દેવું** (૨)
કાના રે..હેમના હીંડોળે હીંચતા જીવન ચાલ્યું જાય..તારા..
નૈનોમાં નિદ્રા કદી ન આવે, **રોજ રોજ આવી સતાવે** (૨)
ખોટાં ને ખરા વાયદા કરી, **બાળકોને પટાવે** (૨)
કાના રે માખણ ખાતાં મુખડું મારું જોજે ના ભૂલાય.તારા વિના
ગીતાના જ્ઞાનનો ઉપદેશ દેતો, **નટખટ નંદકિશોર** (૨)
દેહની સગાઈ ભુલાવી દેતો, **આત્મ સગાઈ સમજાવે** (૨)
કાના રે..આખરી દાવ '' ભરત ''કેરો ચાલ્યો ન જાય..

રચયિતા : ભરતભાઈ વિ. ભક્ત (ધલુડા)

# ભજન - ૪
(રાગ : અમે મહિયારા રે..)

આજે વધામણાં રે કબીરમંદિરમાં,
હાં રે..ભાવે કબીરના દર્શન કરીએ..વધામણાં રે..
કરજોડીને મસ્તક નમાવીને,
મનના મેલને ધોઈ નાંખીને,
હાં રે..ગુણગાન તમારા ગાઈએ..વધામણાં રે..
ભક્તજનો સૌ પ્રેમથી આવ્યા,
વહાલા કબીરજીને મન એ ભાવ્યા,
હાં રે..લ્હાવો અમૂલો આજે લુંટીએ..વધામણાં રે.
મોહ માયાને વીસારી દઈને
કબીરજીમાં એક ધ્યાન થઈને
હાં રે..હૈયે ભક્તિના બીજ વાવીએ..વધામણાં રે..
નાચી કૂદીને સહુ ગુણલા રે ગાજો,
ભૂલી જઈને સહુ લોકની લાજો,
હાં રે..ભજન ભક્તિ રસને ચાખીએ..વધામણાં રે..
બોલો બોલો ભક્તો કબીર નામ બોલો
બોલીને નામ હાટ હૈયાના ખોલો,
હાં રે..આજ અમીના છાંટણા છંટાયે..વધામણાં રે
ઝૂરી રહ્યો છે " ભરત "નો આત્મા,
પ્રેમે પધારો આજ પરમાત્મા,
હાં રે..અંતરની આરતથી કરીએ..વધામણાં રે..
રચયિતા : ભરતભાઈ વિ. ભક્ત (ઘલુડા)

# ભજન - ૫

આંગણિયે આવજો હો નંદલાલા
મોડું જો થાશે તો નીકળી જશે પ્રાણ..આંગણિયે..
આવીને મધુરી મોરલી બજાવજે
બંસરીના સૂરમાં મનડાં ડોલાવજે,
વાયદો ના કરતો આવતી કાલ..આંગણિયે..
ગોરી ગોરી રાધાને સંગાથે લાવજે,
જમુનાને તીરે રાસ રમાડજે,
ઊગી રળિયામણી પૂનમની રાત..આંગણિયે..
જમુનાના નીરો કલરવ કરતા,
રસિયાના રાસમાં મસ્ત થઈ વહેતા,
કેવો શોભે છે ચાંદલિયો આકાશ..આંગણિયે..
રાસ રમવાને હું તો છાનીમાની આવી,
લોકતણી લાજને નેવે મૂકી આવી,
તું ના આવે તો નક્કી જાશે મારી લાજ..આંગણિયે..
ડોલે છે નાવ મારી ભર મઝધારમાં,
તારા વિના ડૂબી જાશે પલવારમાં,
વેગે આવીને તમે ઝાલો સૂકાન..આંગણિયે..
આટલી અરજ મારી ધ્યાન દઈ સુણજો,
કોડ મનડાના નાથ મારા પૂરજો,
'' ભરત'' ના નયનો ઝંખે દર્શન દાન..આંગણિયે..
રચયિતા : ભરતભાઈ વિ. ભક્ત (ઘલુડા)

# ભજન - ૬

મુજ સંગે ઉમંગે રમજો રાસ પૂનમ કેરી રાતલડી,
પુનિત પગલે આંગણા પાવન થાયે કા' ન,
બંસરીના નાદે મનડે લાગી જાયે તાન,
આવો કા' ન દોડતા, ઉમંગ ના તોડતા જોઉં તમારી વાટલડી.પૂનમ.(૨)
તું ના આવે તો તનડું ભૂલી જાશે ભાન,
શામળિયા તને સમજાવી દઉં, આટલું માન
આશા ના રોળતા, મુખ ના મોડતા, રૂએ મારી આંખલડી..પૂનમ ..(૨)
રાત દિવસ હૈયામાં ગૂંજે તારું નામ,
શાને કરે તું મુજને લોકોમાં બદનામ,
અંતરના ઓરતા, આનંદે મ્હોરતા, સાંભળી તારી વાંસલડી..પૂનમ.(૩)
તારો વિયોગ શ્યામ મુજથી ઝાઝો ના વેઠાયે ના,
તારા વિના આ જગમાં બીજું દેખાયે ના,
મધુરા ગીતડાં, ચોરતા ચિતડાં, કરમાય મારી જાતલડી..પૂનમ,.....(૪)
આંખોના આંસુ મારા કદી સૂકાયે ના,
મીઠલડી માયા તારી કદી મૂકાયે ના,
મનડા '' ભરત '' ના તને તલસતા..પૂજે તારી પાવલડી..પૂનમ.(૫)
રચયિતા : ભરતભાઈ વિ. ભક્ત (ઘલુડા)

# ભજન - ૭

( રાગઃ- નંદલાલ શાને રોકે તું સવારમાં )

માવડી શાને કરો છો કલ્પાંત આ,
હાં રે મારે જાવું છે વનમોઝાર રે..માવડી..
રઘુકુળની રીત કદી તજી દેવાય ના,
પિતૃવચન કદી પાછા ઠેલાય ના,
હાં રે..ભલે થવાનું હોય તે થાય રે..માવડી..
આંખડીના આંસુ લૂછી નાંખોને,
હસતા વદને મને વિદાય આપોને,
હાં રે..તમે આપો આશીર્વાદ આજ રે..માવડી..
આજ્ઞા પાળી સુખ દેવું છે તાતને,
દોષ ના દેશો કોઈ કૈકેયી માતને,
હાં રે..મારી સાથે છે લક્ષ્મણ ભ્રાત રે..માવડી..
શાણી સીતા મારી સંગાથે આવતી,
વેદના વચનો પ્રમાણે ચાલતી,
હાં રે..તમે રૂદન કરો ના લગાર રે..માવડી..
અમારા વિયોગની દુઃખ ભૂલી જાજો,
નિશદિન પ્રભુ કેરા પાંયમાં પડજો
હાં રે ' ભરત' કરશે તમને સહાય રે..માવડી..
રચયિતા : ભરતભાઈ વિ. ભક્ત (ઘલુડા)

# ગામોનો ગરબો
(રાગ : નળરાજાનું આખ્યાન...)

ઉદા ભક્ત પાટીદાર તેનાં થાય એંસી ગામ,
કબીરવડ, તેનું પવિત્ર ધામ, ત્યાંનું મંદિર જોવા લાયક છે.

સૂરત શહેરની શોભા ન્યારી, તેમાં આવી ખાંગડ શેરી,
ત્યાંનું કબીર મંદિર, જોવા લાયક છે.

મુંબઈ, શહેરની શોભા ન્યારી, વિલે પારલે તેજપાળ રોડ,
ત્યાંના રામકબીર મંદિરની શોભા ન્યારી છે.

સૂરત જિલ્લાનું કપુરા ગામ, એ તો સંતોનું છે ધામ,
હાલનું ગોકુળિયું ગામ સૌને પ્યારું છે.

વાલોડ, ઘાટા, ને પાનવાડી, ઊવા, રૂપવાડા, ને દેગામા,
બાજીપરાનો ટાઉનહોલ જોવા જેવો છે.

કહેર, કોટમુંડા ને, લોટરવા, મઢી, વ્યારા, ને શામપુરા,
ગામ સ્યાદલાનું, મંદિર જોવા લાયક છે.

ઘાતવા, ડુંગરા, ને નનસાડ, આસ્તા દેલાડ ને ભરથાણા,
ગામ ઓરણાનાં લોકો શાણા છે.

નેત્રંગ, દિગસને, વરેલી, ચલથાણ, કડોદરા, ને ખરસદ
વાવ, ગામનાં લોકો સાહસિક છે.

ઘલુડા, અંભેટી, ને મલેકપોર, સણીયા, સરઈ, સિસોદ્રા,
ગામ દેરોદના  લોકો દયાળુ છે.

તરસાડી, પડઘા, ને આસુંદર, ગુરુકુલ સુપાની શોભા સારી છે.
ગામ ધામણનું, મંદિર જોવા લાયક છે.

મહુઆસ, મહુઆને,મનપુર, ચારણવાડા,ભમતી, ને સીતાપુર
ગામ પથરાડીઆના, લોકો (ભૂલાભાઈ) દાનેશ્વરી છે.

આંબાબારી,ખરજઈ, નવસારી, બારડોલીની શોભા ન્યારી છે.
સરદાર પટેલનું સ્મારક જોવા જેવું છે.

ચાસવડ, રાજપરા, ને મોરીયાણાં, આટખોલ, પાંચેમ, વાઘણદેવી
ગામ કેલવીકુવાની શોભા ન્યારી છે.

નેત્રંગ, માંડવી, ને કંબોડીઆ, ઝરણાં, ભેંસખેતરને, સૂકવણા.
ગામ નવાનગર ઘણું ન્યારું છે.

કોડવાવ, દેવનગર, કામલીયા, સેવળ, સીંગલવણ, ને સીર,
ગામ દોલતપુર જોવા જેવું છે.

બેડોલી, બોરખાડી ને બલદવા ચીખલી, ઘાણીખૂટને ભૂલેશ્વર,

ગામ કબીરગામની શોભા ન્યારી છે.

સાખી.....

વિક્રમ સંવત ૨૦૪૪ ની વૈશાખ સુદી પૂનમ
કબીરવડ, નવા મંદિરની, પ્રાણપ્રતિષ્ઠા થાય,
દાસ દુર્લભે ગરબો રચ્યો,
હોંશે, હોંશે, સૌ ગાય.

બોલો.....કબીર સાહેબકી જય.
બોલો.....મહંત દયારામદાસકી જય.
બોલો....મહંત ગોકુળદાસકી જય.
બોલો...સૌ દાનેશ્વરીકી જય.

પોતાનું અને બીજાનું મંગલ કરનારની કદી
દુર્ગતિ થતી નથી...યોગેશ્વરજી.

શું આપ આવા દરદોથી પીડાઓ છો ?
ગભરાવાની જરૂર નથી....
ચિંતાનું કોઈ કારણ નથી.
અમારી પાસે એનો સચોટ ઉપાય છે.
રાંજણ, સાયટીકા, સર્ટિકા, હાથપગ વેદનાયુક્ત,
ફાટ ચાલવી, બેસવા ઊઠવા ચાલવામાં તકલીફ પડે
તેમજ કમરના દુઃખાવા માટેની
દવા માટે મળો યા લખો.

**(૧) શ્રી દુર્લભભાઈ પરસોત્તમભાઈ ભક્ત**
મુ. પો. સ્યાદલા, વાયા-મઢી, તા. વાલોડ, જિ. સુરત.

**(૨) શ્રી બચુભાઈ ગોરધનભાઈ ભક્ત**
મુ. પો. કપુરા, તા. વ્યારા, જિ. સુરત

તા. ક.- દવા ૧૦ થી ૧૨ અઠવાડિયા સુધી લેવી પડે છે.

- ફક્ત દવાનો જ ખર્ચ લેવામાં આવે છે.
- એક વખત દવા ખાધા પછી આ રોગ જીવનમાં ફરી થતો નથી.

## માનવ જીવનનો ઉદ્દેશ

ઇશ્વરને ચાહવા એ જ જીવનનો ઉદ્દેશ. ઈશ્વરમાં ભાવ ભક્તિ એનું જ નામ ઇશ્વર પ્રત્યેનો પ્રેમ. ઇશ્વરને પામવા એ જ મનુષ્યનું કર્તવ્ય, જગતનું કલ્યાણ મનુષ્ય કરતો નથી, એ તો ભગવાન જ કરે છે.

જેણે સૂર્ય-ચંદ્ર કર્યા છે, જેણે મા-બાપના વક્ષમાં સ્નેહ મૂકયો છે, જેણે મહાન વ્યકિતના ચિત્તમાં કરુણા મૂકી છે, જેણે ભક્તના પ્રાણમાં ભકિત મૂકી છે, તેઓ જ જગતનું કલ્યાણ કરે છે.

મા બાપમાં જે સ્નેહ જુઓ છો તે એમનો જ સ્નેહ, દયાળુમાં જે દયા જુઓ છો તે એમની જ દયા! તમે કામ કરો કે ન કરો, એ તો કોઇને કોઈ રીતે પોતાનું કામ કરવાના જ. એમનું કામ કદી અટકે નહિ.

માનવનું સૌ પ્રથમ કામ ઇશ્વરને જાણવો તે. ઈશ્વર માટે વ્યાકુળ થવું તે. ઇશ્વરની શરણાગતિ લેવી તે. ઈશ્વરદર્શન જ માનવજીવનનો ઉદ્દેશ એકવાર આવો નરદેહ ધારણ કર્યા પછી શું ઈશ્વરદર્શન નથી કરવા ? આટલું બધું જોયું–આટલું બધું પામ્યો–શું તું માત્ર ઇશ્વરને જ જોશે નહિ ? ઇશ્વરને જ પામશે નહિ ?

જીવનમાં શેનાથી રોમાંચિત થવાય તે તું શોધે છે. તો...શું તું ઇશ્વરથી રોમાંચિત થશે નહિ ?

–રામકૃષ્ણ પરમહંસ